જુલાઇ: ૨૦૨૧, વર્ષ: ૦૨, અંક: ૦૭, સળંગ અંક: ૧૦

માસિક સામયિક

સ્પંદન

સર્જકોની શબ્દસૃષ્ટિનું...

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः गुरुर्देवो महेश्वरः

गुरुः साक्षात् परं ब्रह्म :

तस्मै श्री गुरवे नमः



VISIT…

કૃતિ મોકલવા માટેની અગત્યની સૂચના.

૦૧. લેખકો વધુમાં વધુ ચાર પાનાંની મર્યાદામાં જ પોતાનો લેખ મોકલે. કવિઓ એક સાથે વધુમાં વધુ બે રચના મોકલી શકાશે. આમાંથી સ્પંદન ટીમ દ્વારા પસંદગી પામેલી કૃતિ પ્રકાશિત થશે.

૦૨. પૂર્વે સ્વીકારાયેલ રચનાઓને લીધે પ્રકાશન માટે બે થી ત્રણ માસ જેટલો સમય લાગી શકે છે.

૦૩. સ્પંદન સામયિકમાં પ્રકાશન માટે મોકલવામાં આવેલ રચના પૂર્વે કોઈપણ માધ્યમથી પ્રકાશિત થયેલ ન હોવી જોઈએ.

૦૪. આપની કૃતિ મોકલતા પહેલાં "સાર્થ જોડણી કોશ" પ્રમાણે જોડણીની ચકાસણી કરી અને પછી જ મોકલવી. વધારે ભૂલો વાળી કૃતિ સ્વીકારવામાં આવશે નહિ.

૦૫. આપની કૃતિ ગુજરાતી ભાષામાં "શ્રુતિ ફોન્ટ" માં ૧૨ ની સાઇઝમાં ટાઇપ કરીને જરૂરી વિગતો સાથે **http://bit.ly/Spandansubmission** લિંકમાં ભરી મોકલવાની રહેશે.

૦૬. લિંકમાં દરેક વિગતો ગુજરાતીમાં જ ભરવી. અધૂરી માહિતી સાથે ભરવામાં આવેલ એન્ટ્રી સ્વીકારવામાં આવશે નહીં.

૦૭. દરેક રચના અપલોડ કરતી વખતે સાથે લિંકમાં **https://bit.ly/37j1E9D** આપેલ બાંહેધરી પત્ર પણ ભરી મોકલનાર/સર્જકની સહી સાથે અપલોડ કરવું ફરજીયાત છે.

૦૮. આપની કૃતિ જરૂરી વિગતો સાથે અમને ઈ મેઈલ દ્વારા પણ કૃતિ મોકલી શકો છો.

Email : magazinespandan1@gmail.com

૦૯. જે તે અંક માટે પસંદ કરવામાં આવેલ રચનાઓની યાદી દર મહીનાની ૨૨ તારીખે સ્પંદન ફેસબુક પેજ પર મુકવામાં આવશે.

૧૦. રચના મોકલ્યા બાદ અન્ય તમામ માહિતી ઈ મેઈલ દ્વારા પ્રાપ્ત થતી રહેશે.

૧૧. સ્પંદન સામયિકમાં પ્રકાશિત થતાં લખાણોના વિચાર, અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહેશે. સ્પંદન સામયિકના તંત્રી કે સંપાદક એની સાથે સંમત છે એવું માનવું નહીં.

૧૨. સ્પંદન સામયિક માસિક દર માસની ૧૩ તારીખે ડીઝીટલ માધ્યમથી પ્રકાશિત થાય છે.

૧૩. કૃતિ નીચેના વિભાગો હેઠળ મોકલવાની રહેશે.

૧. નવલિકા	૬. સાંસ્કૃતિક/સામાજિક
૨. સફળ વાર્તા	૭. સામાન્ય જ્ઞાન/તાજેતરની ઘટના
૩. કાવ્ય	૮. સ્વાસ્થ્ય
૪. ખેતીવાડી/ વિજ્ઞાન	૯. હાસ્ય લેખ
૫. રમત / ફિલ્મ જગત	૧૦. અન્ય

માસિક સામયિક
સ્પંદન
સર્જકોની શબ્દસૃષ્ટિનું...

:: તંત્રી ::

અનિલ ગઢિયા

:: સંપાદક ::

સાગર આર. ભીમાણી

:: મુખ્ય સલાહકાર ::

ડૉ. વી. એમ. ઠુમર

:: ગ્રાફિક્સ એન્ડ ડિઝાઇન ::

Keshav GRAPHICS

Follow us : /keshav_graphics

+91 756 748 2373

:: નોંધ ::

સ્પંદન માસિક સામયિકમાં છપાતા લેખ, જાહેરાત અને માહિતી જે તે લેખક કે કંપનીનાં છે. તેની સાથે તંત્રી કે સંપાદક સહમત છે તેવું માનવું નહિ સર્વ હક્ક પ્રકાશનને આધીન છે.

:: સંપર્ક ::

magazinespandan1@gmail.com

/Spandan Magazine

9033032421

તંત્રીની કલમે

નમસ્કાર મિત્રો,

થોડા સમય પહેલા મહાન ઉધોગપતિ શ્રી રતન ટાટાનો એક વિડીયો જોયો હતો. જેમાં શ્રી રતન ટાટાએ સફળ થવા માટે કેટલાક મુદ્દાઓ જણાવેલ હતા જેને અહીં રજૂ કરેલ છે. જે જીવનમાં ઉતારવા લાયક છે.

૧. જીવનમાં ચઢાવ ઉતાર આવતા જ હોય છે તેની આદત પાડો.

૨. લોકોને તમારા સ્વાભિમાનની નથી પડી હોતી, પહેલા તેના માટે પોતાને સાબિત કરો.

૩. કોલેજનો અભ્યાસ પૂરો થાય એટલે પાંચ આંકડાના પગારનું ના વિચારો, એક રાતમાં કોઇ વાઇસ પ્રેસિડેન્ટ ન બની શકે. તેના માટે સખત મહેનત કરવી પડે છે.

૪. શિક્ષણના સમયે તમને તમારા શિક્ષક કડક અને ભયાનક લાગતા હશે કારણ કે, બોસ નામના પ્રાણીનો તમને પરિચય નથી થયો.

૫. તમારી ભૂલ, હાર વગેરે ફક્ત તમારા જ છે, તેના માટે બીજાને દોષ ન આપો. ભૂલમાંથી શીખીને આગળ વધો.

૬. તમને અત્યારે તમારા માતા-પિતા જેટલા નિરસ અને કંટાળાજનક લાગે છે એટલા તેઓ તમારા જન્મ સમયે નહોતા. તમારૂ પાલન પોષણ કરવામાં તેમણે એટલું કષ્ટ ઉઠાવ્યું કે તેમનો સ્વભાવ બદલાય ગયો.

૭. કોન્સોલેશન પ્રાઇઝ ફક્ત શાળામાં જ જોવા મળે છે, બહારની દુનિયામાં હારવા વાળાને મોકો નથી મળતો.

૮. જીવનની શાળામાં વર્ગ અને ધોરણ નથી હોતા અને ત્યાં મહીનાનું વેકેશન પણ નહીં મળે, જે કંઇ કરવું હશે તે જાતે જ કરવું પડશે.

૯. ટીવીમાં દર્શાવાતું જીવન સાચું નથી હોતું અને જીવન ટીવીની સીરીયલ નથી. જીવનમાં આરામ નથી હોતો. ત્યાં ફક્ત કામ, કામ અને કામ જ હોય છે. તમે ક્યારેય વિચાર્યું છે કે લક્ઝરી કાર જેવી કે જેગ્વાર, બીએમડબલ્યુ, ઓડી વગેરેની જાહેરાત ટીવીમાં નથી આવતી? કારણ કે, તે કાર બનાવતી કંપનીઓને ખબર છે કે આવી કાર લેનાર વ્યક્તિ પાસે ટીવી સામે બેસવાનો ફાલતુ સમય નથી હોતો.

૧૦. સતત ભણતા અને સખત મહેનત કરતા પોતાના મિત્રોની મશ્કરી ન કરો, એક સમય એવો આવશે કે તમારે તેના હાથ નીચે કામ કરવું પડશે.

અનુક્રમણિકા

	કૃતિ	પ્રકાર	સર્જકશ્રી	પેજ નંબર
૦૧	સ્પંદનને મારા વંદન	કાવ્ય	નિખિલ ભગવતીપ્રસાદ મહેતા "ક્રિશિવ"	૦૧
૦૨	સ્ટાર્ટઅપ	સ્ટાર્ટઅપ	વિનિકેતન ચંદવાણી	૦૨
03	સ્પંદન	કાવ્ય	હેમીષા શાહ	૦૪
૦૪	જિંદગી	લેખ	વનરાજસિંહ રાજપૂત	૦૫
૦૫	વે'વારું થઈ બોલો	ગઝલ	સરલા સુતરિયા	૦૮
૦૬	યોગ અને અધ્યાત્મ	લેખ	ઋતંભરા વિશ્વજીત ઠાકર	૦૯
૦૭	અમૃત કળશ	માઈક્રોફિક્શન	ઈન્દ્રધનુ પરિવાર	૧૦
૦૮	ઊંટ ભાઈ ચાલે	બાળગીત	ગુરૂદેવ પ્રજાપતિ 'ફોરમ'	૧૧
	ઘુમાડો	લેખ	ડૉ. રંજન જોષી	૧૨
૧૦	વિશ્વ કલ્યાણની ઝંખના	અછાંદસ કાવ્ય	જયશ્રીબેન પાવાગઢી "જયુ"	૧૩
૧૧	લોભભ્રષ્ટ	સોનેટ	સુજલકુમાર કમલેશભાઈ પટેલ	૧૪
૧૨	શિક્ષા	કાવ્ય	સ્વાતિબેન ગોહેલ	૧૫
૧૩	પામીએ સ્વયંને	અધ્યાત્મ	હારિત ચાવડા	૧૬
૧૪	પત્ર	લેખ	ઈટાળીયા ધરતી	૧૮
૧૫	લાગે છે કળિયુગ આવ્યો છે.	કાવ્ય	અલ્પેશ પરમાર ' ધબક	૧૯
૧૬	સફળતાનું બીજું નામ આત્મવિશ્વાસ	લેખ	ભાર્ગવકુમાર મિયાત્રા	૨૦
૧૭	પરોઢિયે...	કાવ્ય	જાડેજા સત્યરાજસિંહ વિક્રમસિંહ "સત્યસાવજ"	૨૨
૧૮	શું ટ્રેડમાર્ક જરૂરી છે ?	કાયદાની કલમે	જયદિપ બી છોટાળા	૨૩
૧૯	કોરોના ક્યારે જશે?	લેખ	ડેનિસ કે. ઝાલાવડીયા	૨૫
20	મકાઈની સજીવખેતીમાં ગાભમારાની ઈયળનું વ્યવસ્થાપન	કૃષિ	પ્રયાગ ગોળકિયા, તુષાર ભટ્ટ, પ્રતિક પેથાણી,પૂજા તળાવીયા	૨૬

સ્પંદનને મારા વંદન

-નિખિલ ભગવતીપ્રસાદ મહેતા (ક્રિશિવ)

સર્જકોની દીર્ઘદ્રષ્ટિ જ્યાં પીરસાય છે, એ જ તો આ સ્પંદન.
હરી ફરી કરું હું એક જ વાત, આ સ્પંદનને મારા વંદન.

આજે મને એક વાત સમજાય છે...
રોજબરોજના માનવ જીવનમાં કેટલીયે ખેંચતાણ છે.
જો પોતાના માટે જ 'સમય' મળી જાય, તો તે 'રામબાણ' સાબિત થાય છે.

આજે મને એક વાત સમજાય છે...
પર્યાવરણની શુદ્ધતા જ આરોગ્યની સાચી ચાવી છે.
પરંતુ ખબર નહીં, તેને નુકસાન પહોંચાડતી વખતે આ વિચાર ક્યાં વહી જાય છે?

આજે મને એક વાત સમજાય છે...
સમગ્ર જીવસૃષ્ટિ એક પરિવાર છે.
પણ કોણ જાણે, આગળ નીકળવાની 'હોળમાં', અલગ દેખાવાના ડોળમાં',
પોતાના જ પરિવારમાં, માનવતારુપી મહેકની ઉણપ ક્યાંક વર્તાય છે.

આજે મને એક વાત સમજાય છે...
હજુ પણ સમય છે, સમજી જા ઓ માનવ.
બાકી હું તો એટલું જ કહીશ, ભેંસ આગળ ભાગવત કરવામાં ક્યાં ઉપાય છે.

સર્જકોની દીર્ઘદ્રષ્ટિ જ્યાં પીરસાય છે, એજ તો આ સ્પંદન.
હરી ફરી કરું હું એક જ વાત, આ સ્પંદનને મારા વંદન.

STARTUP

-વિનિકેતન ચંદવાણી (ગોધરા)

કોરોના જેવી મહામારી વખતે ડૉકટર તથા પોલીસે ભારત પર આવેલી સમસ્યા માટે ખૂબ મોટી લડાઈ લડી છે અને હજી લડી રહ્યાં છે. આ કોરોના સિવાય અન્ય એક મહામારી પોતાનો વ્યાપ વિસ્તારી રહી છે અને એ છે મંદી અને આ મહામારી સાથે લડવા માટે પણ એક સેનાની જરૂર છે. એ સેના છે વેપારી સેના. આ મારને લીધે આપણો દેશ, જેણે આજે આઝાદી પછી ઘણા પ્રયત્નોથી વિકાસ કર્યો છે તે પાછળ ના ચાલ્યો જાય એ માટે હવે વેપારી સેના એ જવાબદારી લેવી પડશે.

લોકડાઉન ખુલતાની સાથે જ સરકાર તરફથી વેપાર ધંધો શરૂ કરનારાઓ માટે ખૂબ મોટી સોગાત મળી. સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉધોગો માટે સસ્તા વ્યાજ દરે લોનની તથા અન્ય યોજનાઓ શરૂ થઈ છે.

આજે જ્યારે જૂનાં વસાવેલા ધંધા રોજગાર ઉખડી રહ્યા છે, ઊંચી ડીગ્રીથી મેળવેલ નોકરીઓ પણ ખતરામાં મૂકાઇ રહી છે ત્યારે પ્રશ્ન થાય કે શું આવામાં કોઈ નવું સાહસ શરૂ કરવું યોગ્ય છે? કોઈ પણ નવું સાહસ શરૂ કરતા પહેલા તેની વર્તમાન સમયની માંગ જાણવી જરૂરી છે. અને જો તમે કોઈ નવો જ પ્રોડક્ટ પ્રસ્તુત કરી રહ્યા હોવ તો આગળ જઈ તેની માંગની શક્યતા સમજવી ખૂબ જરૂરી છે. એક વખત માર્કેટ અને તેની માંગ વિશે બરાબર માહિતી મેળવી લઇએ તો નવું સાહસ શરૂ કરવું એ યોગ્ય રહેશે.

નવું સાહસ શરૂ કરવું એ સૌનું સ્વપ્ન હોય છે. પોતાનો સમગ્ર સમય ઘરને આપતી સ્ત્રીઓ પણ આ સ્વપ્ન જોતી હોય છે. પણ ઘણીવાર આ સ્વપ્ન તૂટતાં હોય છે. કારણ કે અપૂરતી જાણકારી, ઓછી મૂડી, નાની જગ્યા, મોટી ડીગ્રીની ખામી અને ક્યારેક કમી હોય છે આત્મવિશ્વાસની. પણ એકવાર મનને મક્કમ બનાવીએ તો સફળતા દૂર નથી.

આજે તમને એવા નાના વ્યવસાયની જાણકારી આપીશું કે જેમાં ઓછી મૂડી, નાની જગ્યા, વગર ડીગ્રી, થોડીઘણી જાણકારી પણ અખૂટ આત્મવિશ્વાસ સાથે તમે ઘરે જ નવો વ્યવસાય શરૂ કરી શકશો.

અગરબત્તી

દરેક ભારતીયના રોજીંદા જીવન સાથે સંકળાયેલી આ એક નાની વસ્તુનું માર્કેટ ખૂબ મોટું છે. એમ જોવા જઈએ તો દરેક ધર્મ, વ્યક્તિનો પોતાનો અલગ જ શ્રધ્ધા ભાવ હોય છે પણ તેને અગરબત્તી દ્વારા પ્રગટ કરવાનો તરીકો લગભગ સૌનો સરખો હોય છે. તો ચાલો થોડી વધુ માહિતી મેળવીએ.

અગરબત્તી બનાવવા માટેની મેન્યુઅલ મશીન દ્વારા આપણે ઘર બેઠા અગરબત્તીનો ગૃહઉધોગ શરૂ કરી શકીએ. આશરે ત્રીસથી પિસ્તાળીસ હજારનું મૂડી રોકાણ કરી આપણે શરૂઆત કરી શકીએ.

❖ અગરબત્તી બનાવવા માટેની સામગ્રી:-

ચારકોલ પાઉડર, જીગત પાઉડર, સફેદ ચિપ્સ પાઉડર, કુપ્પન ડસ્ટ, વાંસ સ્ટીક, ડીઇપી, રૈપિંગ મટેરીયલ
આ સિવાય અગરબત્તી ને વધુ સુગંધી બનાવવા વધારામાં અલગ અલગ પરફ્યુમ નો પણ ઉપયોગ કરી શકાય.

❖ રીત:-

સૌ પ્રથમ અગરબત્તી પ્રિમિક્સ તૈયાર કરવામાં આવે છે. પ્રિમિક્સ બનાવવા નિશ્ચિત માત્રામાં સામગ્રી ભેગી કરવામાં આવે છે. હવે આ એક કિલો પ્રિમિક્સમાં આશરે ૬૦૦ ગ્રામ જેટલું પાણી મિક્સ કરવામાં આવે છે. આ મિશ્રણને મેન્યુઅલ મશીનમાં આપેલ પાઈપ માં ભરવામાં આવે છે. હવે વાંસની સ્ટીક્સ મશીનમાં એક બાજુથી નાખવામાં આવે અને પેડલ દબાવતા પ્રિમિક્સ તેની પર ચોંટી જાય અને બીજી બાજુએથી અગરબત્તી તૈયાર થઈ નીકળશે. અગરબત્તીને સુગંધી બનાવવા માટે એક કિલો પરફ્યુમમાં ચાર કિલો ડીઇપી નાખી લગભગ બોતેર કલાક અલગ રાખી મૂકવું. ત્યારબાદ તેમાં અગરબત્તી ડીપ કરવામાં આવે છે. હવે આ બનેલી અગરબત્તી છાયામાં સુકવીને તેનું પેકિંગ કરી લો.

મશીન અંગેની તમામ માહિતી અને તાલીમ મશીન વિક્રેતા પાસેથી મળી રહેશે.

છાણની ધૂપબત્તી

❖ **સામગ્રી :-**

ગાયનું છાણ ૨૫૦ ગ્રામ (ઓછા રેસા વાળું), ગૂગળ ૨૦ ગ્રામ, કપૂર ૧૮ ગ્રામ, ચંદન ૩૭ ગ્રામ, ચોખાનો લોટ ૬ ગ્રામ, એરંડો/ તુલસી કે લવિંગનું તેલ જરૂર મુજબ.

❖ **રીત:-**

છાણ અને તેલને બાકી રાખી બીજી બધી સામગ્રીનું ચૂર્ણ બનાવી લો. હવે તેમાં થોડું તેલ મિક્સ કરીને છાણ સાથે મીક્સ કરી લો. સંચામાં આ મિશ્રણ ભરીને, ધૂપબત્તી બનાવી છાંયડામાં સુકવી દો. યોગ્ય પેકિંગ કરી આપણે ધૂપબત્તીનું વેચાણ કરી શકીએ. ધૂપબત્તી માટેનો સંચો તમે બજારમાંથી ખરીદી શકો છો અથવા પીવીસી પાઈપનો ઉપયોગ કરી જાતે બનાવી શકશો.

છાણમાંથી સાબુ

❖ **સામગ્રી:-**

છાણનો પાવડર ૧ કિલો, મુલતાની માટી ૧ થી ૧.૫ કિલો, સ્વર્ણ ગેરુ પાવડર ૩૦૦ ગ્રામ, હળદર પાવડર ૨૦૦ થી ૩૦૦ ગ્રામ, મેથી દાણાનો પાવડર ૫૦૦ ગ્રામ, અરીઠા પાવડર ૧ કિલો.

❖ **રીત :-**

બધી સામગ્રી બરાબર મિક્સ કરો. હવે આ સામગ્રીને પાણી અથવા તો પલાળેલ લીમડાનાં પાનમાંથી બનાવેલ રસથી ગુંથી લો. હવે સાબુ બનાવવાનું મોલ્ડ લો. તેમાં આ મિશ્રણ દબાવી દબાવીને ભરો. હલકા હાથે તૈયાર સાબુ મોલ્ડ માંથી કાઢી લો. તૈયાર છે છાણમાંથી બનાવેલ સાબુ. આ સાબુ ચર્મરોગ, ખુજલી, દાગ ધબ્બા, વગેરે ચામડીના નાના રોગોથી લડવામાં મદદ કરશે.

સ્પંદન

હેમીષા શાહ (અમદાવાદ)

નીકળ્યો છું બાગની સૈરમાં
ક્યાંક તો ગમતું ગુંજન હશે !

હૃદય જ્યાં મળ્યું હૃદયથી
એક શરમાતું ક્યાંક તો ખંજન હશે !

મન હતું યાદવાસ્થળી એકાંતમાં
ક્યાંક તો ગમતી પળે મનોમંથન હશે !

ભીડ ભરી દુનિયા તણાવગ્રસ્ત હવે તો
શોધ જો ગમતું કયાંક મનોરંજન હશે !

વિયોગ હો જીવની સાખે
હૃદયે ક્યાંક તો ક્રંદન હશે !

હતા ઊંડાણ નજરના કેવા
કામણગારા ક્યાંક તો અંજન હશે !

જો મળે હૃદય જ્યાં લાગણી ભર્યું
બીજા માટે ધબકતા ક્યાંક તો સ્પંદન હશે !

વનરાજસિંહ રાજપૂત (વિસનગર)

तमाशा होता... तो लोग खूब आते हैं, देखने को...
बात दर्द सुनने की थी... हर शख्स बहरा निकला....!!

આના પર કઇ કોટી પહેરું...?
ગૂંચવાયેલા નૈતિકે એની સોહામણી પત્નીને પૂછ્યું..

આ પિંક સરસ છે...કુર્તા પર મસ્ત મેચ થશે....

નૈતિકે સુપ્રિમ કોર્ટની સલાહનું માન રાખ્યું.

બગલાની પાંખ જેવા સફેદ કુર્તા પર ગુલાબી કોટી ઠઠાવી પાર્ટીના યુવા પ્રમુખ તૈયાર થયા..

પિતા ઉર્જા મંત્રી હતા...કેલિફોર્નિયાથી પોલિટિકલ સાયન્સની ડીગ્રી લઇ નૈતિક ગયા વર્ષે જ ઇન્ડિયા આવ્યો હતો, અને પાર્ટીનું કામ સંભાળતો હતો. પિતાની રહેમ દ્રષ્ટિથી યુવા પ્રમુખનું પદ મેળવવામાં મુશ્કેલી ન પડી. આજે એનું પહેલું પબ્લિક અપિયરન્સ હતું...

ઉર્જામંત્રીનો પુત્ર હોવા છતાં એ બીજા પોલિટિકલ પુત્રોની જેમ સાવ અબુધ ન હતો... એણે દુનિયાની તમામ રાજકીય વિચારધારાઓ અને જગતના રાજકીય ઇતિહાસનો ગહન અભ્યાસ કર્યો હતો. દેશના એલીટ કલાસ જોડે સતત ટચમાં રહી તે દેશની રાજનીતિ સમજવાનો પ્રયાસ કરી રહ્યો હતો..

'આપણે અહીં ફક્ત ખુરશી માટે નથી આવ્યા. આપણું કામ છે લોકોનું જીવન બદલવાનું. એ માટે આપણે રાત દિવસ મથવાનું છે. ઉજાગરા કરવા પડશે. મહેનત કરવી પડશે અને મને વિશ્વાસ છે આપ આ પરિશ્રમ કરવા તૈયાર છો. અંતે જ્હોન એફ કેનેડીની વિચારપ્રેરક વાત સાથે મારી વાણીને વિરામ આપું છું. જો આપણે નહીં તો કોણ? જો અત્યારે નહીં તો ક્યારે?'

હજારો કાર્યકર્તા વચ્ચે નૈતિકે બધાને અંજાવી દેતું પ્રવચન આપ્યું. તાળીઓના ગડગડાટથી એની વાતને બધાએ વધાવી લીધી. સભામાં ઉત્સાહ પ્રસરી ગયો...

મંચ પાછળ જતી સીડીઓ સડસડાટ ઉતરી પોતાની વૈભવી કારમાં બેસી એ રવાના થયો. કિતાબો સાથે ભળેલા નૈતિકને હવે લોકો સાથે ભળવાનું હતું.એમની વ્યથાઓ અને એમના માટે શું કરી શકે એ જાણવાનું હતું.



એણે રસ્તામાં શાકભાજીની એક લારી આગળ ગાડી ઉભી રાખવાનો ડ્રાઇવરને હુકમ કર્યો.

આવડી મોટી ગાડીમાં બહુ મોટા સાહેબ હોવા જોઇએ એવું સોમાએ ભાખી લીધું અને તેણે લારી સરખી કરી.

આવો આવો સાહેબ...બોલો ટામેટા કરું કે રીંગણાં?

શું નામ છે ભાઇ તારું?

સોમો...સાહેબ...સોમો ...
સોમાભાઇ મને ઓળખ્યો કે નહીં...

ના સાહેબ...તમોન પેલી વાર જોયા..

ટીવી બીવી જોતા લાગતા નથી..

સાહેબ નેનો ડબ્બો સ પણ મહિનાના ૨૦૦ રૂપિયા ભરો તો જ ચાલુ થાય ...એટલે બંધ પડ્યું સ..

સોશિયલ મીડિયા પર પણ નથી?

ઇ હું હોય સાહેબ? આ બધા આખો દાડો ઊંધું ઘાલી મોબાઇલમાં જોતા હોય ઇ જ ને? પૈસા પણ પાછા લેવા નથી ઉભા રે'તા ઘણા તો એટલા ડૂબેલા હોય.

હા એ જ....

મારી પાહે તો આ ડબલુ સ ..ફોન ઉપાડતાં આવડે, કરવો હોય તો છોકરો કરી આલે...

નૈતિકે ગરીબી પર ઘણા પુસ્તકો વાંચ્યા હતા. ઘણા બધા એડિટોરિયલ પણ એ વાંચતો પણ આવા કોઇ ગરીબ માણસ સાથેનો એનો પ્રત્યક્ષ પહેલો અનુભવ હતો.

એણે આતુરતા સાથે પૂછ્યું...

હાલ આપણા દેશમાં જે ચાલી રહ્યું છે એના પર તમારા શું વિચાર છે સોમાભાઇ...રાજકારણ વિશે આપ શું જાણો છો?

ભાઇ આ બધી વાતો સ ને એ મોટા માણહો ની વાતો..પેટ ભરેલું હોય એને આ બધું હુજે...પેટ ખાલી હોય ત્યારે પેટ ભરવાના જ વિચાર આવે...!

નૈતિક જિજ્ઞાસાવશ એ નિસ્તેજ પણ નિર્મળ આંખોને તાકી રહ્યો...

સાહેબ ચૂંટણી આવે એટલે અમોન આ બધા ભલા માણહ ખાવાનું આપી જાય ..કોઇ પૈસા ય આપી જાય.....અમાર બસ વોટ આલવા જવાનું...

સરકાર ગરીબો માટે જે બિલ લાવી એના વિશે જાણો છો? નૈતિકે હૂંફ સાથે પૂછ્યું...

કેવું બિલ સાહેબ..અમ.....લાઇટ બિલ? ...સોમાએ મુંઝવણ સાથે સામો સવાલ કર્યો...

ના લાઇટ બિલ નહીં...જવાદો...

પરિવારમાં કોણ કોણ છે?

સાહેબ.. હું ...અને ટિણીયો...બે જ..ટિણીયાની મા બે વરહ પહેલા ઝૂંપડીમાં આગ લાગતા ભડથું થઈ જઈ...

ઓહ...ખૂબ જ દુ:ખદ ..નૈતિકે આઘાત પામતા કહ્યું...

બાય ધ વે કયું ભણે છે ટીનીઓ?

સાહેબ ૧૨માં હુધી ભણ્યો સ. આગળ હારુ ભણવું હોય તો લાખ રૂપિયા ભરવાના થાતા તા એટલે માંડીવાળ્યું. બાકી ભણેલા તો અમારી શેરીમાં ઘણા સ. એ પણ મજૂરી જ કરે. ભણવું હોય તો હારુ ભણાય નક ના ભણાય...અન હારુ ભણવા પૈસા જોવ સાહેબ...

તો હાલ શું કરે છે ટીણીયો..?

એ મજૂરીએ જાય સાહેબ...હવારે વેલ્લા જાય ...અને રાતે મોડો આવ... ખૂબ મેનત કરસ સાહેબ

પહેલીવાર કોઈ વાત સમજવા નૈતિકનું પુસ્તકીયુ જ્ઞાન ટૂંકું પડી રહ્યું હતું...એ કંઈ સમજી નહોતો રહ્યો... એ જે આભાસી દુનિયામાં જીવી રહ્યો હતો...એનું જમીન પર કોઈ અસ્તિત્વ નહોતું. હવે વધારે ચર્ચા કરવાનો કોઈ અર્થ નહોતો..

નૈતિકે ખીસ્સામાંથી થોડા પૈસા કાઢી સોમાને આપ્યા...

સોમાએ અચકાતા કહ્યુ...સાહેબ હજુ ચૂંટણીને તો ઘણી વાર છે ને?

ગાડીનો દરવાજો ખોલતા એણે જવાબ આપ્યો..રાખ ભાઈ. આ ચૂંટણી માટે નથી ટીણીયા માટે કંઈક ખરીદી લેજે...

નિરાશ નૈતિક એની વૈભવી ગાડીની પાછલી સીટ પર ગોઠવાયો...એ આઘાત અને આશ્ચર્ય બંને સાથે લઈ પાછો ફર્યો..

નૈતિકના મનમાં વિચારોનું વંટોળ ઉઠ્યું હતું... એને એ સમજાતું નહોતું કે એ જે દુનિયામાં જીવે છે એ અને સોમાની દુનિયામાં આટલો મોટો ફરક કેમ હતો...દેશનો પ્રબુદ્ધ વર્ગ જે ચર્ચાઓમાં આટલો સમય વેડફે છે. ઘણી વાર એકબીજા પર ઉગ્ર થઈ જાય છે. હકીકતે સામાન્ય માણસ પર એની કાંઈ અસર નથી. એને કોઈ ફરક નથી પડતો. આજ સુધી સરકારોએ ઉઠાવેલા સારા પગલાં એ ગણાતો હતો એ જમીન સુધી પહોંચ્યા જ નહોતા. બસ ચર્ચાઓ ના માધ્યમમાં જ ગરીબ હિતોની વાત હતી...હકીકતે કંઈ નહોતું....

નૈતિકને આ વિચારોએ સુવા ન દીધો...આખી રાત એ પડખા સાથે વિચાર બદલે ગયો..

સવારે રોજની ટેવ મુજબ ગાર્ડનમાં આરામ ખુરશીમાં બેઠેલા નૈતિકે કોલ્ડ કોફી સાથે હાથમાં અંગ્રેજી અખબાર લીધું. જેમાં દેશના પ્રતિષ્ઠિત અને પ્રબુદ્ધ પત્રકારનો લેખ જોયો...ટાઇટલ હતું.....સરકારના નવા કાનૂન કેવી રીતે ગરીબની જિંદગી બદલી નાખશે!

નૈતિકે છાપું વાળી ટેબલ પર મૂકી દિધુ અને ફરી પાછો કોઈ વિચારમાં ખોવાઈ ગયો.

વે'વારુ થઈ બોલો

-સરલા સુતરિયા

અરે આ ઠાવકી વાતો જરા વે'વારું થઈ બોલો
અમર આ પ્યારની વાતો જરા વે'વારું થઈ બોલો

ખરી જાશું અમે આકાશ પુષ્પો સમ તમે જોજો
કરો ના ચાગલી વાતો જરા વે'વારું થઈ બોલો

મરી જાશું અમે તો આપની પાછળ તમે જોજો
નકામી વેવલી વાતો જરા વે'વારું થઈ બોલો

એ એવો છે તે તેવો છે રટણ આ વાતનું લઇને
પીળા જજબાતની વાતો જરા વે'વારું થઈ બોલો

સ્વભાવે છે ઘણો ક્રોધી વળી વર્તન નથી સારું
નરી ધિક્કારની વાતો જરા વે'વારું થઈ બોલો

પ્રગટતાં આભને છોડી તમે આથમતા સૂરજને
ભરી'તી બાથની વાતો જરા વે'વારું થઈ બોલો

યોગ અને આધ્યાત્મ

-ઋતંભરા વિશ્વજીત, "ઋત્વિશ્વ",
ડિપ્લોમા ઈન યોગ

"યોગ" આ શબ્દ છે, સાચો શબ્દ.

મહેરબાની કરી યોગા બોલી યોગનું અપમાન ન કરો. યોગ એ શરીરનો વ્યાયામ છે. મનનું નિયમન કરે છે અને અધ્યાત્મનું મનમાં આગમન કરે છે. જે યોગ કરે એનામાં કુદરતી રીતે ખરાબ સંજોગો સામે લડવાની સ્ફૂર્તિ અને હિંમત કેળવાય છે. યોગથી રોગ ઘણા દૂર ભાગે છે. સિંહને જોઈને જેમ શિયાળ ભાગે એમ યોગ કરતાં રોગો ભાગે છે. એટલે કરો યોગ- ભગાડો રોગ..!!

યોગ આપણા શરીર અને મન થકી પરમાત્મા સાથે જોડાણ કરે છે. એટલે કે આપણા આત્માને પરમાત્મા સાથે અનુસંધાન કરે છે.

યોગના આઠ અંગો છે, જે સીધા કે આડકતરી રીતે અધ્યાત્મિકતાને વરેલા છે. જેમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ આઠ અંગો છે અને એટલે જ એને અષ્ટાંગ યોગ કહે છે. એટલે જ યોગના મૂળીયાં અધ્યાત્મ સાથે જોડાયેલા છે, એનો ઉલ્લેખ ભગવદ્ ગીતા પણ જોવા મળે છે.



એવી જ રીતે યોગના સાત ચક્રો પણ સીધા કે આડકતરી રીતે અધ્યાત્મની સાથે જોડાયેલા છે.

1. ગુદા પાસે મૂળાધાર ચક્ર,
2. લિંગ પાસે સ્વાધિષ્ઠાન ચક્ર,
3. નાભી પાસે મણિપુર ચક્ર,
4. હૃદય પાસે અનાહત ચક્ર,
5. કંઠ પાસે વિશુદ્ધિ ચક્ર,
6. લલાટે આજ્ઞાચક્ર,
7. તાળવા (બ્રહરંધ્ર) સાથે સહસ્ત્રાધાર ચક્ર

ગતિશીલ કરીને કુંડલીની શક્તિ જાગ્રત કરી શકાય છે. અષ્ટ સિદ્ધિ અને નવ નિધિના જ્ઞાતા બની શકાય છે. યોગ દ્વારા હનુમાનજીએ આ સિદ્ધિઓ હસ્તગત કરી હતી. આવા ઘણા સિદ્ધ યોગીઓ હજારો વર્ષોથી કૈલાશ અને હિમાલયની ગીરીકંદરાઓમાં મોજૂદ છે.

ઓમકારનાં નાદે નાદ બ્રહ્મ જાગૃત કરી "અહં બ્રહ્માસ્મિ"નો અભિગમ જાગૃત કરવામાં સહાયતા કરે છે. જેથી ઈશ્વરની પ્રાપ્તિ સહજ થાય છે અને આત્મા થકી પરમાત્માનું જોડાણ સહજ થાય છે.

સામાન્ય માણસ માટે આસનોમાં પદ્માસન કે સુખાસનમાં બેસી પ્રાણાયામ દ્વારા પૂરક, કુંભક, રેચક દ્વારા ઈડા,પીંગળા અને સુષુમ્ણા નાડી જાગૃત કરીને શ્વાસનાં નિયમન થકી શરીરને રુષ્ટ પુષ્ટ કરી શકાય છે, શરીર સૌષ્ઠવ મેળવી શકાય છે. ઇડા એટલે ચંદ્ર નાડી. જેમાં મન શાંત રાખી શકાય છે, ગુસ્સાને શાંત કરી શકાય છે. પિંગળા એટલે સૂર્ય નાડી. જેમાં સૂર્ય જેટલી તેજસ્વિતા બળ અને ઊર્જા મેળવી શકાય છે.

ઇડા- પિંગળાના સમન્વયથી સુષુમ્ણા નાડી જાગ્રત થાય છે. જેનાં દ્વારા સમત્વવાદી બની શકાય છે. સ્થિતપ્રજ્ઞતા આવે છે, સમતા આવે છે. "સમત્વ યોગ ઉચ્યતે" સમતા યોગ છે. અને એ સુષુમ્ણા નાડીથી તે સહજતાથી મેળવી શકાય છે.

"યોગ કર્મશુ કૌશલમ" કર્મોમાં કુશળતા એ જ યોગ છે. એટલે કે યોગ એ કર્મમાં કુશળતા શીખવે છે. કર્મયોગી તો બનાય છે, પણ સાથે સાથે જ્ઞાનયોગી બનાવે છે. આહાર-વિહારમાં કાળજી, સુવા ઊઠવામાં નિયમન, વાણી ઉપર સંયમ, હકારાત્મકતા, બ્રહ્મચર્ય, અહિંસા, નિયમોમાં સજ્જતા અને સ્વયં શિસ્ત વગેરે અઘરી લાગતી વાતો એ યોગ જ શીખવે છે.

આ બધું જ એક યોગી માટે આવશ્યક છે. યોગ કરો તો આપોઆપ યોગી બની જવાય છે. અને યોગી બનો તો સમાજ માટે ઉપયોગી પણ બની શકાય છે.

આ બધી જ સંવેદનશીલતા સ્વત: કેળવાય છે. યોગ એ રોગમુક્ત, ભયમુક્ત, વ્યસન મુક્ત સમાજ બનાવે છે. એવો માહોલ બનાવી આપે છે. અધ્યાત્મયુક્ત સંસારમાં સહાયક બને છે. માટે યોગ એ સાચો બ્રહ્મ છે. શબ્દ બ્રહ્મ યોગ છે. એટલે ફરીથી વિનંતિ કરીશ કે યોગા બોલી અને એનું અપમાન ન કરો.

સૌના જીવનમાં યોગ નિરામય જીવનની એક ચાવી છે .

સૌ યોગ કરો, યોગી બનો, ઉપયોગી બનો.

અધ્યાત્મિક ઉન્નતી થકી સ્વયં સિદ્ધિ મેળવો.

સ્વસ્થ રહો, સુરક્ષિત રહો.

સાતરંગો

પીના પટેલ "પિન્કી" (વિસનગર)

રીતેશ આજે સગાઇ માટે છોકરી જોવા ગયો. ત્યાં સરખી ઉંમરની બે બહેનો હતી. મંજુનો અવાજ ખૂબ જ મધુર હતો. તેને એક બે વાર ગીત ગાતા સાંભળેલી તેને તેનો અવાજ ખૂબ જ ગમતો, તેના મનમાં વિચાર આવ્યો કે રૂપાતો દેખાવડી છે, તો તેના લગ્ન થઇ જશે પરંતુ મંજુ મારે તો મંજુને જીવનસાથી બનાવવી છે અને તે મંજુને જોતાં જ તેને પ્રેમ કરી બેઠો.

જ્યારે રિતેશે કહ્યું, "મને મંજુ પસંદ છે." ત્યાં મંજુને પોતાના કોરા આકાશ રૂપી જીવનમાં મેઘધનુષના સાત રંગો રચાતા દેખાયા. હરખના અતિરેકમાં બગલમાંથી કાખ ઘોડી છુટી ગઇ.

નિર્ણય

સુરેન્દ્ર ગામીત

ઝવેરચંદ શેઠ એટલે વલભીગામે લોકોના મુખે ચઢેલું નામ. શેઠ જેટલા ધનિક એટલા જ દાનવીર. કોઇને પણ ભીડ પડે તરત વ્હારે આવે. તેમના પ્રેમાળ સ્વભાવના લીધે લોકોમાં જાણીતા હતા.

એક દિવસ શેઠના ઘરે એક માયકાગલું, હાડપિંજર દેખાય આવેલું એક ગલુડિયું આવી ચઢ્યું. શેઠ તેને જાકારો દેવા ગયા, પણ કેમ જાણે તેને પાળવાનો એક નિર્ણય કર્યો. ગલુડિયાની સારસંભાળને લીધે તે તાજુંમાજું થવા લાગ્યું. ધીરે ધીરે મોટું થયું. શેઠે તેનું નામ પાડ્યું "મોતી".

એક દિવસ શેઠના ઘરે રાત્રે ખાતર પડ્યું. અચાનક અવાજ આવવાથી મોતી જાગી ગયો અને જોરશોરથી ભસવા માંડ્યો. મોતીએ ચોરો જોડે ભાથ ભીડી. શેઠ અને બીજા સભ્યો જાગી ગયા અને મોતીના ભસવાના અવાજ તરફ દોડ્યા. પકડાઇ જવાની બીકના માર્યા ચોરો રફુચક્કર થઇ ગયા.

શેઠ મોતી પાસે ગયા. મોતી ઘણો ઘવાયો હતો, છતાં તેની આંખોમાં શેઠનું ઋણ ચુકવ્યાનો આત્મસંતોષ હતો....!

ઊંટ ભાઈ ચાલે...

ગુરૂદેવ પ્રજાપતિ 'ફોરમ (કરજણ)

વાંકી ચૂંકી ડોક કરી ઊંટ ભાઇ ચાલે,
અલ્લડ અક્કડ નિજ મસ્તીમાં, મસ્ત થઈને ચાલે,
વાંકી ચૂંકી ડોક કરી ઊંટ ભાઇ ચાલે

ઊંચા ઊંચા ઝાડ પરના પાન ખાતાં ખાતાં
આમતેમ આજુબાજુ બધ્ધું જોતાં જોતાં

નાના મોટા સૌ પ્રાણીઓને હાય હલ્લો કરતાં
ઊંચે ઉડતા પંખીઓની સાથે ગાન કરતાં

ખબર અંતર સૌના પૂછી મસ્તીમાં ચાલ્યા જાય
પ્રેમ ભાવ શાંતિ રાખવાનો સંદેશ સૌને આપતા જાય

વાંકી ચૂંકી ડોક કરી ઊંટ ભાઇ ચાલે,
અલ્લડ અક્કડ નિજ મસ્તીમાં, મસ્ત થઈને ચાલે,
વાંકી ચૂંકી ડોક કરી ઊંટ ભાઇ ચાલે

ધુમાડો

- ડૉ. રંજન જોષી

ક્લાસ વન સરકારી નોકરિયાત પિતા રાઘવજીભાઈનો એકનો એક વંઠેલ પુત્ર એટલે ચિંતન. સામ, દાન, દંડ, ભેદ - કોઈ પણ નીતિ અપનાવી તે પિતા પાસેથી પૈસા પડાવવામાં કુશળ હતો. દીકરાને સીધા રસ્તે લાવવા રાઘવજીભાઈએ છાપામાં એક નોટિસ આપી. ચિંતનને પોતાની માલ મિલકતમાંથી બેદખલ કરતી નોટિસ. વાત ધાર્યા કરતાં વધુ વણસી ગઈ. ચિંતનમાં સુધારાને બદલે બગાડ જ વધવા લાગ્યો.

એક દિવસ રાઘવજીભાઈની સામે ટેબલ પર પગ લંબાવી બેઠેલા ચિંતનના હાથમાં સિગારેટ હતી. ટેબલ પર પડેલા મિલકતના દસ્તાવેજ પર સહી કરવા તે પિતાને દબાણ કરી રહ્યો હતો. સિગારેટનો ધૂમાડો આખા હોલમાં ફેલાઈ રહ્યો હતો અને તેના ડામ રાઘવજીભાઈના હાથ પર. રાઘવજીભાઈએ દસ્તાવેજ પર સહી તો કરી પણ તે જ રાત્રે ઊંઘની ગોળીઓ ખાઈ આપઘાત કર્યો.

લોકલાજ ખાતર પણ ચિંતને રાઘવજીભાઈની અંતિમ વિધિ કરવી પડી. બીજે દિવસે રાઘવજીભાઈના વકીલ વીલ લઈ ચિંતન પાસે આવ્યા અને કહ્યું, "તમારા પપ્પાએ એમને હાર્ટ પ્રોબ્લેમ થયો ત્યારથી, લગભગ બે વર્ષથી આ વીલ બનાવી રાખ્યું છે. હવેથી બધી માલમિલકત તમારા નામે છે. અને હા, એમની અંતિમ ઇચ્છા હતી કે એમના અસ્થિ ગંગામાં પધરાવાય."

બીજે દિવસે સવારે ગંગાકિનારે પહોંચેલા ચિંતને અસ્થિનો કળશ ગંગાજળમાં પધરાવ્યો. પવનમાં રાખનો ધુમાડો ઉઠ્યો. ચિંતન બંને ધુમાડા વચ્ચે ચિંતન કરી રહ્યો, એક સમયનો ધુમાડો કેફનો હતો અને આજનો ધુમાડો પશ્ચાતાપનો.

વિશ્વકલ્યાણની ઝંખના

-જયશ્રીબેન પાવાગઢી "જયુ" (સુરત)

વિશ્વ કલ્યાણની કરીએ ઝંખના,
ઝાલીએ એક-મેકના હાથો.
માનવતાની એ રાહ ન છોડીએ,
દરિદ્રનારાયણની પડખે રહીએ.

જરૂર છે આજ એ માનવની,
સાહસ, શૂરવીરતાની મહેક ફેલાવીએ,
સાથ હો સેવાના એ સદ્‌ગુણોની,
તૈયાર હોય સર્વસ્વ ન્યોછાવર કાજ.

સત્ય, અહિંસાના એ પ્રણને સાચવીએ,
માનવ- માનવતાની સાંકળ બનીએ,
અમૂલ્ય મળ્યો છે આ માનવ દેહ,
સાર્થક કરીએ આ જીવનને.

આજ રાક્ષસ છે મહામારી,
કરીએ સામનો સહુ ભેગા મળીને.
દૂર ભગાવીએ એ દૈત્ય ને,
સ્વયંની દરકાર કરી જાળવીએ અંતર.

વિપત ઘડી છે આ ધરાની આજ,
બાળક ,સ્ત્રી કે અન્ય જન ની
કોરોના એ કરી છે દુર્દશા સહુની,
દૈત્ય ભયંકર વર્તાવે છે હાહાકાર સર્વત્ર.

ચાલોને મળીને કરીએ સહુ પ્રાર્થના,
રક્ષણ કરશે એ વિશ્વેશ્વર,
માનવ સંહારને કરો બંધ હવે,
શાંતિ સ્થિરતા અને સુખ કરો પ્રદાન.

લોકભ્રષ્ટ

સુજલકુમાર કમલેશભાઇ પટેલ (લીંબાસી)

અહીંથી ત્યાં ત્યાંથી અહીં, પૈસા પાછળ જાત ભાગે
સાચવવા એ ધન, પછી જાત આખી રાત જાગે
માથું ટેકી પ્રભાતમાં, એ એકના હજાર માંગે
વધતી આશા ઉપર, ના સંતોષનું તાળું લાગે
નીજ ધરા ને રોજ ખેલે ગણિત ભાગાકારનું
મારુ તારું રે'શે અહીં, નહીં આવે મુઠ્ઠી જારનું
ખાવું પીવું થોડું, છતાં ભેગું કરે હદપારનું
પક્યું પક્યું સડે ને, ઠારે ના અગ્નિ જઠરાગનું
મણમાં લઈ કણમાં વેચે, હૃદય આ વ્યાપારનું
નિત જોખે નમતું, ક્યાં જશે પાપ વ્યવહારનું
છેતરશો લોકને, તો ઈશ જોશે આરપારનું
મૂળ સમુ નિલામ થાશે સઘળું ઘરબારનું
લોભે લક્ષણ જાય ને ભેગું કરે ભવપારનું
અહીં જ ભોગવવું પડશે ઋણ ભ્રષ્ટાચારનું

શિક્ષા

સ્વાતિબેન ગોહેલ (જૂનાગઢ)

શાળાના ઘંટથી છેક વિખાયેલાં કલરવ સુધી,
શિક્ષા છે દીક્ષાંત સમારંભ સુધી.
માથાના વાળથી છેક કપાયેલા નખ સુધી,
શિક્ષા છે હાથના વણાંક સુધી.
માતાના ઉદરથી છેક પકડાયેલા ગ્રંથ સુધી,
શિક્ષા છે સાત કોઠાના જંગ સુધી.
પિતાના હાથથી છેક જીતાયેલા સમય સુધી,
શિક્ષા છે શીલના સંસ્કાર સુધી.
વિધાના વાદથી છેક વિતાવેલા વરસ સુધી,
શિક્ષા છે અંતરના સંવાદ સુધી.
ચિતાના દાહથી છેક સમેટાયેલા ભસ્મ સુધી,
શિક્ષા છે અંતિમ સમય સુધી.
ગીતાના જ્ઞાનથી છેક નીખારેલા વિચાર સુધી,
શિક્ષા છે "સ્વાતિ"થી "સ્વાયત્તિ" સુધી.

આધ્યાત્મિક

પામીએ સ્વયંને

- હારિત ચાવડા (સુરત)

પ્રથમ તો આપણે સ્વયંને નીરખ્યા કે, આપણી અંદર અખૂટ ઉર્જા શક્તિઓનો સ્ત્રોત છે જેને આપણે ભૂલી ગયા હતા. બસ એ જ શક્તિઓની ઓળખ કરી. ત્યારબાદ આપણે એ જ શક્તિઓ દ્વારા સ્વયંનું ઘડતર કરવા માટે સંયમ-નિયમ યુક્ત જીવન, નિયમિતતા સભર જીવન અને અંતર્દૃષ્ટિમય જીવન જેવા 3 માર્ગ અપનાવ્યા.

સ્વયંને નીરખીને સ્વયંનું જ ઘડતર તો કર્યું, પરંતુ હવે સમય છે સ્વયંને પામવાનો, સ્વયંના આનંદને માણવાનો, સ્વયંને સુખમાં તરબોળવાનો અને સ્વયંને મોજની લ્હાણી કરાવવાનો....

સ્વયંને પામવાથી એક માત્ર ફાયદો એ થશે કે જેનાથી આપણા જીવનમાં દુખ આવશે પણ એ દુઃખ આપણને દુઃખી નહીં કરી શકે, આપણા જીવનમાં અનેક મુશ્કેલીઓ આવશે પણ એ મુશ્કેલીઓ આપણને મૂર્છિત નહીં કરી શકે, તો પ્રશ્ન એ છે કે એવી કઇ વસ્તુ છે જેને જાણ્યા પછી આપણે કોઇ પણ પરિસ્થિતિમાં સ્થિર રહી શકીશું...

આજે આપણે સ્વયંને પામવા માટે મુખ્યત્વે બે મુદા જોઇશું
-આત્મ વિચાર અને ભગવાનના કર્તાપણાનો વિચાર

અહીં સ્વયંને પામવું એટલે આપણા વાસ્તવિક સ્વરૂપની ઓળખાણ. મહાભારત વખતે સગા સંબધી અને ગુરૂજનોના લોહીથી ખરડાયેલા અને રાજ્ય ભોગવવાની અનિચ્છાએ શોકાતુર હૃદયવાળો અર્જુન ગાંડિવને પરિત્યાગીને રથમાં બેસી ગયો, તે સમયે ભગવાન કૃષ્ણ અર્જુનના રથના માત્ર સારથી ન રહેતા તેના માર્ગદર્શક બન્યા.

ભગવાન કૃષ્ણે કહ્યું કે, "તું જેના હણાવાના શોકથી ચિંતાતુર છે, તે સર્વે તો મારા વડે ક્યારનાય હણાઇ ચુક્યા છે. આત્મા તો અમર છે, એનો કદી નાશ થતો નથી. જેવી રીતે લોકો જૂના વસ્ત્રોને ત્યાગીને નવા વસ્ત્રો પરિધાન કરે તેવી જ રીતે આત્મા એક દેહમાંથી બીજા દેહમાં જાય છે. શરીરનો નાશ થાય છે પરંતુ આત્માનો નાશ થતો નથી. નાશવંત એવા દેહ માટે શોક કરવો વૃથા છે." એનો અર્થ પોતાને શરીર માનીએ એટલે દુઃખ-શોક કે અપમાન લાગે છે પરંતુ જો પોતાને આત્મા માનીએ તો કોઇ જ પ્રકારના દુઃખ રહે જ નહીં...

આત્મવિચારની સાથે બીજો એક વિચાર છે ભગવાનના કર્તાપણાનો વિચાર જે આપણને સુખ-દુઃખમાં સ્થિર રાખશે. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી એમની વાતોમાં કહે છે, "અંતરમાં ટાઢું રહ્યા કરે ને ધગી ન જાય તેના બે ઉપાય છે: એક તો ભગવાનનું ભજન કરવું ને બીજું ભગવાનને સર્વકર્તા સમજવા ને તેમાં સુખ આવે તો સુખ ભોગવી લેવું ને દુઃખ આવે તો દુઃખ ભોગવી લેવું. તે કહ્યું છે જે, દાસના દુશ્મન હરિ કે'દી હોય નહિ, જેમ કરશે તેમ સુખ જ થાશે."

24-09-2002, ગાંધીનગર અક્ષરધામમાં ઘૂસીને બે આંતકવાદીઓએ 30 લોકોને મારી નાખ્યા અને 80 લોકોને ઈજા પહોચાડી. ગુજરાત પોલીસે ઓપરેશન હાથમાં લઇ બીજા દિવસે સવારે બંને આંતકવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા.

ગાંધીનગરનું અક્ષરધામ એ સંસ્થા માટે ખૂબ જ મહત્ત્વનું સ્મારક કહેવાય. વળી, અમેરિકા, દિલ્હીના અક્ષરધામ પહેલાં આ અક્ષરધામ થયેલું છે તેથી તેને બનાવવામાં પ્રમુખસ્વામી મહારાજને ખૂબ જ પરિશ્રમ પડ્યો હતો. છતાં જ્યારે તેમને સારંગપુરમાં પ્રથમવાર આંતકવાદના સમાચાર મળ્યા ત્યારે તેઓએ ખૂબ જ સ્થિરતાથી કહ્યું, "જેવી ભગવાનની ઇચ્છા આતંકવાદીઓ હવે વધુને જાનહાનિ ન કરે અને વહેલી તકે પકડાઇ જાય એ માટે પ્રાર્થના કરીએ છીએ.' વળી, સ્વામીએ દેશની તમામ જનતાને શાંતિ જાળવવાની આગ્રહપૂર્વક અપીલ કરી. આવા કટોકટીના સમયે પણ તેમની ભગવાનમાં કર્તાપણાની સમજણ ખૂબ જ સ્પષ્ટ હતી.

જોયું ને મિત્રો, આત્મવિચાર અને ભગવાનના કર્તાપણાનો વિચાર આપણને ગમે તેવી પરિસ્થિતિ પણ સ્થિર રાખે છે. છેલ્લા બે અંકોથી આપણે સ્વયંને નીરખીને સ્વયંનું ઘડતર કર્યું અને આજે તો સ્વયંના આનંદને જ પામ્યો. આ આનંદ જિંદગીના અંતિમ શ્વાસ સુધી આપણા હૈયે રહે એ જ પ્રાર્થના..



(સાસરે ગયેલી દીકરી પોતાના પિયરમાં પત્ર લખે છે)
ઈટાળીયા ધરતી (સુરત)

પત્ર

વ્હાલા મમ્મી-પપ્પા,

જય શ્રી ક્રિષ્ના, કેમ છો? મને પણ સારું છે. તમે તો મને ભૂલી ગયા કેમ પપ્પા સાસરે આવી એટલે ભૂલી જવાની મને? પપ્પા તમે દવા ટાઈમ પર લેવાનું ભૂલતા નહીં અને હા,મમ્મી મારા પપ્પાને ગાજરનો હલવો ભાવે છે તો એ બનાવી આપજો. છોટુ શું કરે છે? એને કહેજો હવે કોઈ એને હેરાન નહીં કરે ને હા હવે એના પોકેટમાંથી પૈસા ગાયબ નહીં થાય.

પપ્પા આ ટેકનોલોજીના જમાનામાં આજે મને પત્ર લખવાનું મન થયું. 4×4 ઈંચના ડબ્બાને એક બાજુ મુકીને આજે તમે આપેલી પેનને એક નાનો કાગળનો ટુકડો લઈને લખવા બેઠી. હા ખૂબ જ યાદ આવે છે તમારા બધાની. આ સાસરે જવાનો રીતિ-રિવાજ જ કોને બનાવ્યો? શું આ રીતિ-રિવાજ બદલાવીએ તો? પપ્પા તમેં કહેશો નહીં સુધરે હજુ નાની જ રહી, હા પપ્પા હું હજી નાની જ છું પણ તમે મને સાસરે મોકલીને મોટી કરી દીધી.

મમ્મી જયારે તું મને સવાર સવારમાં ઉઠાડતી ને કહેતી "ઉઠી જા હવે મોટી થઇ સાસરે જવાનું છે સાસરે આવું નહીં ચાલે, ત્યાં વહેલું ઉઠવું પડશે ત્યાં હું ઉઠાડવા નહીં આવું" ત્યારે હું હજુ પાંચ મિનિટ હજુ પાંચ મિનિટ કહીને એક કલાક સુતી રેહતી. મમ્મી અત્યારે હું પાંચ વાગ્યાનું એલાર્મ વાગતાની સાથે જ ઉઠી જાવ છું. કાલે તો હજુ તારી છોકરી જીન્સ પહેરતી આજે સાડી પહેરતી થઈ ગઈ. મમ્મી ખૂબ જ યાદ આવે છે તારી સાથેનો એ મીઠો ઝગડો વાત-વાતમાં તારું મને ટોકવું-રોકવું, અહીં તો બધાની ઈચ્છાને સપના પૂરા કરતા કરતા મારી ઈચ્છાને સપના અધૂરા જ રહી ગયા.

ભાઈ એ નાસ્તા માટે મારી જોડે ઝગડો કરવો, મારા વાળ ખેંચવા, મારા હાથની આંગળી જોડે તારું રમવું બોવ જ યાદ આવે છે. હા ભાઈ, હવે તારા પોકેટમાંથી પૈસા ગાયબ નહીં થાય મને ખબર હતી કે તને ખબર છે પૈસા કોણ ગાયબ કરતું તો પણ તું મમ્મી ના કહેતો. મારે મિત્રો જોડે બહાર જવું હોય ત્યારે તું જ મમ્મી પપ્પાને મનાવીને મને મુકવા માટે આવતો. ભાઈ યાદ છે એ જ્યારે કાચના ગ્લાસ મારા હાથમાંથી છૂટી ગયા હતા ને બધા કટકે કટકા થઈ ગયા હતા ત્યારે તે મને મમ્મીથી બચાવી હતી. પણ ભાઈ અહીં કોઈ મને બચાવવા વાળું નહીં. એક ગ્લાસ પડવાની સાથે જ બહારથી એક અવાજ આવે છે "કેમ હાથ તૂટી ગયા છે? વસ્તુ હાથમાંથી કેમ પડે છે?" જે વાત મેં મમ્મીને નહીં કહી એ વાત હું તને કહેતી. મમ્મી કહેતા હતા કે મારી વિદાય થઈ પછી તું બહાર જતો રહ્યો હતો પણ ભાઈ મને ખબર છે તું બધાની સામે ના રડી શકે એટલે તું બહાર જઈને રડ્યો છે. ભાઈ મમ્મી પપ્પાનું ધ્યાન રાખજે.

બસ પપ્પા હવે આનાથી આગળ મારાથી નહીં લખાય મને ખબર છે જેમ હું રડતા રડતા આ પત્ર લખું છું તેમ જ તમેને મારા મમ્મી રડતા રડતા આ વાંચી રહ્યા હશો. પપ્પા હવે વધારે નહીં પણ આવતા જ મહિને જ તમારી દીકરી આવે છે તમને મળવા માટે એટલે તમે મારા માટે પેલી રામુકાકાની પાણીપુરી લાવી આપજો અને મમ્મીને કહેજો મારા માટે એના હાથની દાળઢોકળી ખાવી છે હું આવું એટલે એ તૈયાર રાખજો.

તમારી વ્હાલી દીકરી

લાગે છે કળિયુગ આવ્યો છે.....!

અલ્પેશ પરમાર ' ધબક

બીજા બધાને લીલા લહેર, માનવનું જીવન બન્યું ઝેર.
કોરોનાની અવળી આ લહેર, ભગવાન કર હવે તું મીઠી મહેર.
લાગે છે કળિયુગ આવ્યો છે.....!

શ્વાસનો ધંધો ચાલું છે, દલાલો પણ હરીફાઈમાં છે.
બસ એક જંતુનો બધો આ પગરવ છે,
માનવથી માનવને ડર છે.
લાગે છે કળિયુગ આવ્યો છે.....!

કોરોના એ મૂકી માઝા, માણસો હવે રહ્યા નથી ઝાઝા.
યાદ આવી ગયા અમને પેલા ગંડુ રાજા ટકે શેર ભાજી ને ટકે શેર ખાજા.
લાગે છે કળિયુગ આવ્યો છે.....!

દુનિયા આખી ઈચ્છે એવું આવે કોઈ બની માર્ગદર્શક,
તારો જ બધો ખેલ છે પ્રભુ તો તું કેમ જોવે બની મુકદર્શક.
લાગે છે કળિયુગ આવ્યો છે.....!

તને એવું છે પ્રભુ કે નીચે બધું બરાબર ફાઈન છે.
કેમની કહું અવદશા અમારી, અહીં મર્યા પછી પણ લાઈન છે.
લાગે છે કળિયુગ આવ્યો છે.....!

કોરોનાના કપરા આ કાળમાં માનવતા મુંઝાય છે,
મડદા બધા ભેગા થયા, મોતનો મલાજો લજવાય છે.
લાગે છે કળિયુગ આવ્યો છે....!
લાગે છે કળિયુગ આવ્યો છે....!



સફળતાનું બીજું નામ

આત્મવિશ્વાસ

- ભાર્ગવકુમાર મિયાત્રા, સુરત (EDUCATIONALIST)

હલ્લો ..... કેમ છો .....? નથી બરાબર ને ? મને ખ્યાલ છે. અરે ! તમને થશે, હું કોને પૂછું છું, કોને કહું છું, આ બધું? આ બધું હું સવાલ પૂછી રહ્યો છું વિધાર્થીઓ અને તેમના માતા - પિતાને, કારણ કે તેઓ અત્યારે ખુબ જ ચિંતિત છે, પરેશાન છે, તેમનો આત્મવિશ્વાસ ડગુમગુ થઈ રહ્યો છે. દરેક વિધાર્થીએ હવે પોતાનું લક્ષ્યાંક નક્કી કરી રાખ્યું છે કે મારે 80% લાવવા છે. મારે 90% લાવવા છે. સાથે તેમના માતા - પિતાએ પણ મારે મારા બાળકને ડોક્ટર, એન્જિનિયર વગેરે કંઈક બનાવવું છે. બરાબર ને? પણ .. 'પંખ હોને સે કુછ નહિ હોતા, હોશલો સે ઉડાન હોતી હૈ .....

મતલબ કે પાંખો હોવાથી જ ફક્ત ઉડવાનું કે તરવાનું આવડે તેમ નથી હોતું, ઉડવા માટે હિંમત અને આત્મવિશ્વાસની જરૂર હોય છે.પરંતુ કહેવાતી આ આધુનિક શિક્ષણ પ્રથામાં વિધાર્થી અને વાલીવર્ગ પરીક્ષા પહેલા અને પછી સતત ચિંતા ભોગવતો જ રહે છે. પરીક્ષા પહેલા પેપર કેવા હશે? પરીક્ષા કેવી જશે? કેટલા ટકા આવશે? એ ચિંતા હોય છે, પરંતુ અહી તો પરિણામ આવ્યા પછીપણ ચિંતાનો અંત નથી આવતો, પરિણામ આવ્યા પછી કયો અભ્યાક્રમ પસંદ કરવો, ક્યાં અભ્યાક્રમને પસંદ કરવાથી સારી કારકિર્દી ઘડી શકાય? તેની મૂંઝવણમાં તે મૂંઝાયા કરે છે અને આ મૂંઝવણ પોતાના બાળક કે પોતાના પુરતી હોય તોય સમજાય પણ આ મૂંઝવણ તો આજના વિધાર્થી અને વાલીવર્ગને સમાજના માન - મોભા અને ઉચ્ચ કારકિર્દી માટે દોડતા ઘેટાના ટોળામાં જોડી દે છે. આજનો આ ભ્રમિત સમાજ ઉચ્ચ કારકિર્દીને ઊંચી ટકાવારી કે પરિણામ સાથે જોડે છે. ત્યારે તેને એક વાત કેમ સમજાતી નથી કે ઉચ્ચ કારકિર્દીને ઊંચી ટકાવારી સાથે કોઈ સંબંધ નથી, ઉચ્ચ કારકિર્દીને સંબંધ છે, માત્ર વ્યક્તિ પોતાની રસ રૂચિ અને વલણ સાથે, વ્યક્તિમાં રહેલી હિંમત, સાહસ સાથે, વ્યક્તિની કંઈક કરી છુટવાની ઝંખના સાથે એના આત્મવિશ્વાસ સાથે. આપણા સમાજમાં એવી કેટલીય સફળ વ્યક્તિઓ છે, જેઓનું સ્તર નીચું અથવા ઓછું છે, છતાં જે -તે ક્ષેત્રમાં તેઓએ ઉચ્ચ કારકિર્દી ઘડી છે.

જે વ્યક્તિ પાસે આત્મવિશ્વાસનું ધન હોય છે. એ વ્યક્તિ માટે દુનિયાની કોઈ પણ વસ્તુ મેળવવી આસન હોય છે. આજે જગત ભરમાં હોન્ડાની જે જાણીતી બાઈક છે. એનો ઈતિહાસ જાણવા જેવો છે, એના મૂળમાં આત્મવિશ્વાસ જ છે. આ હોન્ડાના સર્જક સોઈચીરો હોન્ડા એક ગરીબ લુહારનો પુત્ર હતો. ગરીબીના વાદળ એટલા ગાઢ હતા કે સુખનો સુરજ ક્યારેય દેખાય એવી આશા ન હતી. આ હોન્ડાના પાંચ ભાઈઓ તો ભુખામારામાં જ મરી ગયા હતા. વળી સોઈચીરો ભણવામાં પણ ઠોઠ. સ્કૂલમાંથી છૂટીને એ પિતાને સાઇકલ રીપેર કરવામાં મદદ કરતો, નવા યંત્રો બનાવવાં તેને બહુ ગમતા. પ્રથમવાર તેણે કાર જોઈ અને વિચાર્યું કે આવી કાર હું પણ બનાવીશ. ત્યારબાદ સંઘર્ષ કરતા કરતા તેણે રીપેર શોપ કરી, મોટર માટે પિસ્ટન રિંગ્ઝ બનાવી, મોટરસાઇકલ બનાવવાના પ્રયોગો શરૂ કર્યા. 1984 માં તેણે હોન્ડા મોટર કંપની બનાવી અને પ્રથમ મોટરસાઇકલ લોન્ચ કરી અને જોતજોતામાં તો આખા જાપાનમાં સોઈચીરો હોન્ડા સૌથી મોટો મોટરબાઇકનો નિર્માતા બન્યો. આજે હોન્ડાની આવક અબજોને આંબે છે. હવે વિચારી જુવો કે, આ હોન્ડા પાસે કઈ મુડી હતી? નાં એના પિતાએ વારસામાં અઢળક ધન આપ્યું હતું કે, ના એ ભણવામાં અવ્વલ હતો છતાં આનામાં પ્રબળ આત્મવિશ્વાસ હતો કે યંત્ર સંચાલિત ગાડી બનાવવી એને એ સપનું તેણે સાકાર કર્યું.

દરેક વ્યક્તિમાં આવી વિશિષ્ટ ટેલેન્ટ હોય છે જ, પણ એ વ્યક્તિ એને જાણી શક્તી નથી અથવા જાણે, તો બહાર લાવવા જેટલો આત્મવિશ્વાસ ધરાવતી હોતી નથી. થોમસ આલ્વા એડીશન, અબ્રાહમ લિંકન, ગાંધીજી, સરદાર પટેલ, સામપિત્રોડા, અમિતાભ બચ્ચન, સચિન તેંડુલકર, ધીરુભાઇ અંબાણી વગેરે આગવા આત્મબળનો ભરોસે જ આ દુનિયામાં તેઓ પોતપોતાના ક્ષેત્રમાં આગવી સિદ્ધિ હાંસલ કરી સફળતાના પર્યાય બન્યા છે. આ દરેક વ્યક્તિ પોત - પોતાનાં ક્ષેત્રમાં સફળ છે. છતાં તેમની સફળતા તેમના શિક્ષણની મોહતાજ નથી, અહી એક વાત યાદ રાખવી જોઇએ કે નિષ્ફળ વ્યક્તિઓ માટે જે અવરોધો છે, તે જ સફળ વ્યક્તિઓ માટે સફળતાનાં પગથિયા છે.

મિત્રો, સફળતાનું બીજું નામ આત્મવિશ્વાસ છે. ઘણા લોકોનો આત્મવિશ્વાસ પણ ફલેક્સિબલ હોય છે. જેવી સ્થિતિ અને સંજોગો એવો આત્મવિશ્વાસ આવા લોકો ટૂંકા સમય માટે સફળ થઇ શકે પણ લાંબી રેસના ઘોડા ન બની શકે. ખરેખર તો આત્મવિશ્વાસ એટલો દઢ હોવો જોઇએ કે આખી દુનિયા એક તરફ થઇ જાય છતાં તમારો વિશ્વાસ ડગે નહી. વિમાનના શોધક રાઇટ બ્રધર્સે જયારે પ્રથમવાર આવા ઉડાન યંત્ર વિશેનો પ્રસ્તાવ લંડનની સાયન્સ સોસાયટી સમક્ષ મુક્યો ત્યારે તેને હસી કાઢ્યો હતો. અને તે સમયે આ સાયન્સ સોસાયટીના પ્રમુખ હતા જાણીતા વૈજ્ઞાનિક લોર્ડ કેલ્વિન, જેમના નામથી ટેમ્પરેચર કેલ્વિનમાં પણ મપાય છે.

લંડનની સાયન્સ સોસાયટીના પ્રમુખ અને તે પણ મહાન વૈજ્ઞાનિક જ્યારે આવું કહે ત્યારે એને પડકારવાની હિંમત કોણ કરે? છતાં રાઇટ બ્રધર્સને પોતાનામાં અતૂટ આત્મવિશ્વાસ હતો કે આવું ઉડતું યંત્ર એ અવશ્ય બનાવશે અને 1908 માં તેમણે સૌ પ્રથમ વાર પ્રાથમિક કહી શકાય એવું હવાઇજહાજ બનાવ્યું અને ઉડાડી બતાવ્યું. જે વસ્તુ આખી દુનિયાને અવશ્યક છે એમ કહી હતી તેને આ બને રાઇટ બ્રધર્સ પોતાના આત્મવિશ્વાસથી સાબિત કરી દેખાડી.

કહેવાનો મતલબ છે કે દઢ આત્મવિશ્વાસથી જ કોઇ પણ વસ્તુ મેળવી શકાય છે. આ દુનિયામાં ખોવાઇ ગયેલ સતા કે પછી આખી જિંદગી મહેનત કરીને જે સામ્રાજ્ય ઊભું કર્યું હોય એ સંપતિ, જો પળવારમાં છિન્નભિન્ન થઇ જાય તો માણસ ચોક્કસ ભાંગી જાય. તે છતા એ બધુજ ફરી પાછું મળી શકે છે પણ જો એકવાર આત્મવિશ્વાસથી તૂટી ગયો તો જીવન નિરર્થક બની જાય છે.

.

શોધ તું તને પરમાત્મા પણ જડી શકે છે, લડ તું દરેક મુસીબતથી લડી શકે છે.
આત્મવિશ્વસ કેરી બુલંદ રાખ સીડી, તું ધારે તો આભને પણ અડી શકે છે.



પરોઢિયે

-ડાંગર શીતલ લખુભાઈ (ભુજ, કચ્છ)

સારા દિવસો ના ટકી શક્યા તો ખરાબની શું ઓકાત છે,
ચાલ્યો જશે એ સમય પણ ધીરજ રાખો.

મુસીબતમાં પરસ્પર પ્રેમ અને વિશ્વાસ જરૂરી છે,
ચાલ્યો જશે એ સમય પણ ધીરજ રાખો.

કોઈને કલ્પના પણ નહોતી કે આવા દિવસો આવશે,
માણસ જ માણસથી દૂર રહેશે અને ડરશે.

પ્રભુના આયોજનમાં આપણને ખબર ના પડે,
જે થાય છે તે જોયા કરો બાળક જેવી જીજ્ઞાશા વૃત્તિ રાખો,

રાત્રિના અંધકાર પછી સવારનો સોનેરી સૂરજ જરૂર ઊગે છે,
કુદરતના આ સનાતન સત્ય પર વિશ્વાસ રાખો.

દરરોજ લખવા પડતા ઓમ શાંતિથી હમણાં વાતાવરણ જરૂર ડહોળાયું છે,
પણ વિશ્વાસ રાખો ભગવાન પર અને થોડી ધીરજ રાખો.!!

શું ટ્રેડમાર્ક જરૂરી છે???

જયદિપ. બી. છોટાળા. (સુરત)
એડવોકેટે એન્ડ એટર્ની

છેલ્લા કેટલાક વર્ષોથી દુનિયામાં પરિવર્તનો થવા માંડયા છે. ઔધોગિક ક્રાંતિ અને અન્ય પરિવર્તનોને કારણે મિલકતના નવા સ્વરૂપો અસ્તિત્વમાં આવ્યા છે. બૌદ્ધિક સંપત્તિ(Intellectual Property Law)ના મહત્વનો સ્વીકાર વિકસિત દેશોએ લાંબા સમય પહેલા કર્યો હતો. ભારત જેવા દેશોએ પણ બૌદ્ધિક સંપત્તિનું મહત્વ સ્વીકાર્યું છે.

બૌદ્ધિક સંપત્તિ કાયદો એ આધુનિક વ્યવસાયનો સૌથી મહત્વપૂર્ણ ભાગ છે. બૌદ્ધિક સંપત્તિ કે જેમાં ટ્રેડમાર્ક, કોપીરાઈટ, ડિઝાઇન, ભૌગોલિક ચિન્હો(G.I) તથા ઔધોગિક ડિઝાઇન વિગેરેનો સમાવેશ થાય છે. બૌદ્ધિક સંપત્તિ વ્યવસાયમાં વેપારીઓને તેમના ઉત્પાદકોના વિકાસને વધુ અસરકારક બનાવે છે. વેપારીઓએ વર્ષોની મહેનતથી બનાવેલી પોતાની બ્રાન્ડ નું રક્ષણ થઇ શકે છે.

કોઈપણ વ્યક્તિ પોતાની બુદ્ધિ, આવડત-હોંશિયારી, ચતુરાઇ કે કૌશલ્યથી સાહિત્ય, કલા, ઔધોગિક કે વિજ્ઞાન ક્ષેત્રે કંઈ પણ નવું સર્જન કરે તેની ઉપર તે વ્યક્તિનો અધિકાર હોવો જરૂરી છે. તેનું સર્જન કોઇ અન્યાયી રીતે મેળવી તેનો લાભ ન લઇ જાય તે આવશ્યક છે. જે વ્યક્તિની આ બૌદ્ધિક સંપત્તિ છે. તેને કાયદાકીય રક્ષણ મળવું જરૂરી છે.

ટ્રેડમાર્ક એટલે શું? :-

ટ્રેડમાર્ક એ બૌદ્ધિક સંપત્તિ અધિકારની એક શાખા છે. ટ્રેડમાર્ક એ કોઇ પણ શબ્દ, નામ, પ્રતીક, ઉપકરણ, લોગો વગેરે હોઇ શકે છે. ઉત્પાદક પોતાના માલ ને એક અલગ નામથી બજારમાં વેચી શકે છે. જેથી ગ્રાહકોના મનમાં તે બ્રાન્ડ વિશે એક આગવી ઓળખ ઊભી થાય છે. ટૂંકમાં કહીએ તો ટ્રેડમાર્ક એ બ્રાન્ડ નેમ છે. ટ્રેડમાર્ક એ એક નિશાની અથવા પ્રતીક છે. જે એક માલ તથા સર્વિસને અન્ય માલ સર્વિસથી અલગ પાડી તેની આગવી ઓળખ ઊભી કરે છે. ટ્રેડમાર્ક એ મિલકત છે.

જ્યારે કોઇ ગ્રાહક અમુક જાણીતી કંપનીનો માલ ખરીદે અને વાસ્તવમાં તે માલ અન્ય કંપની નો હોય અને હલકી ગુણવત્તાનો હોય ત્યારે ગ્રાહકને છેતરાયા નો અનુભવ થાય છે. વેચનાર વ્યક્તિ ની પ્રતિષ્ઠાને નુકસાન થાય છે. આથી ઉત્પાદિત પ્રોડક્ટને જો કોઇ ટ્રેડમાર્ક સાથે સાંકળવામાં આવે તો ગ્રાહક અને ઉત્પાદક બંનેના હિતોનું રક્ષણ થાય છે.

ટ્રેડમાર્ક ની નોંધણી કોણ કરાવી શકે છે? :-

ટ્રેડમાર્ક એક્ટ 1999 ની કલમ 18(1) મુજબ ટ્રેડમાર્ક ની નોંધણી થઇ શકે છે. ટ્રેડમાર્ક ની નોંધણી કોઈપણ વ્યક્તિ કરાવી શકે છે. કોઇ વેપારી સંસ્થા, કંપની, પેઢી, બેંક, હોટેલ, શાળા તથા અન્ય વગેરે લોકો ટ્રેડમાર્કની નોંધણી કરાવી શકે છે

ટ્રેડમાર્ક નોંધણી કરાવવા થી થતા ફાયદા :-

જનતા ની દ્રષ્ટિએ લોકપ્રિય શબ્દ "બ્રાન્ડનેમ" કાનૂની દૃષ્ટિએ "ટ્રેડમાર્ક" તરીકે ઓળખાય છે. કોઈપણ વસ્તુ ખરીદવાનો નિર્ણય લેતા પહેલા તે વસ્તુ કે સેવાના બ્રાન્ડનેમની પ્રતિષ્ઠાથી ખરીદનાર ખૂબ જ પ્રભાવિત થાય છે. અહીં આપણે તેના ફાયદા પર નજર નાખીએ.

1. માલિકને વિશિષ્ટ અધિકાર. :-

- રજીસ્ટર ટ્રેડમાર્કના માલિકને પોતાની બ્રાન્ડનેમ વાપરવા પર વિશિષ્ટ અધિકાર મળે છે.
- રજીસ્ટર ટ્રેડમાર્ક માલિકની પરવાનગી સિવાય તેનું બ્રાન્ડનેમ રજીસ્ટર ક્લાસમાં અન્ય કોઈ વ્યક્તિ વાપરી શકતો નથી.વેપારી પોતાની બ્રાન્ડ પ્રત્યે સુનિશ્ચિત રહે છે અને વેપારી પોતાના ટ્રેડમાર્ક ના ઉલ્લંઘન માટે ઉલ્લંઘન કરનાર વિરુદ્ધ કાયદાકીય રીતે વળતર મેળવવાનો દાવો કોર્ટમાં કરી શકે છે.

2. વિશ્વાસ અને સદભાવના. :-

- તમારા ઉત્પાદનની સારી ગુણવત્તા અને સારી સર્વિસના લીધે ગ્રાહકોના મનમાં વિશ્વાસ અને સદભાવ કેળવાય છે.
- તે કાયમી ગ્રાહકો બનાવવામાં મદદ કરે છે જે વફાદાર હોય છે. અને હંમેશાં તમારી બ્રાન્ડને પ્રાધાન્ય આપે છે

3. પ્રોડકટની આગવી ઓળખ ઊભી કરવી.

- ગ્રાહકોના મનમાં તમારી પ્રોડક્ટ ની અલગ ઓળખ ઊભી થાય છે.
- તમારી પ્રોડક્ટ તમારા પ્રતિસ્પર્ધીની પ્રોડક્ટથી અલગ ઓળખ ઊભી કરે છે. અને સારી નામચીન બ્રાન્ડ તરીકે સ્થાન પામે છે.
- તમારી કંપનીનું નામ અને લોગો જોતા જ ખરીદનારને તમારી કંપનીનું વિઝન, ક્વોલિટી, અલગતા વગેરેનો ખ્યાલ આવે છે.

4. પ્રોડક્ટની ક્વોલિટી. :-

- બ્રાન્ડનેમ પ્રોડકટની ગુણવત્તા દર્શાવે છે. ગ્રાહકો પ્રોડકટની ગુણવત્તાને બ્રાન્ડ નેમ સાથે જોડીને જુએ છે. અને બજારમાં એક વિશિષ્ટ બ્રાન્ડ ઇમેજ બનાવવામાં મદદ કરે છે. જે ગ્રાહકોને આકર્ષવામાં મદદ કરે છે. કારણ કે તેઓ બ્રાન્ડનેમ/ બ્રાન્ડલોગો દ્વારા પ્રોડકટની ગુણવત્તાને પારખે છે.

5. ટ્રેડમાર્ક એ બૌદ્ધિક સંપત્તિ છે. :-

- ટ્રેડમાર્ક એ અમૂલ્ય સંપત્તિ છે. તેને જોઇ શકાતી નથી એટલે કે કોઇ સંસ્થાની બૌદ્ધિક સંપત્તિ છે. ટ્રેડમાર્ક ધારણ કરનાર પોતાની બ્રાન્ડના નામથી પોતાની પ્રોડક્ટ બજારમાં વેચી શકે છે. તથા અન્ય વ્યક્તિને ફ્રેન્ચાઇઝી આપી શકે છે

6. રજીસ્ટર ® ચિન્હોનો ઉપયોગ. :-

- એકવાર ટ્રેડમાર્ક નોંધાયા પછી નોંધાવનાર તેમના બ્રાન્ડનેમ/ બ્રાન્ડલોગો ઉપર રજીસ્ટર ® ચિન્હોનો ઉપયોગ કરી શકે છે. જે પ્રતીક કરે છે કે તે રજીસ્ટર ટ્રેડમાર્ક ધારણ કરનાર છે. અને અન્ય કોઈ વેપારી રજીસ્ટર ટ્રેડમાર્ક નો સમાન ક્લાસમાં ઉપયોગ કરી શકશે નહીં

7. ઉલ્લંઘન સામે રક્ષણ. :-

- કોઇ પ્રતિસ્પર્ધી અથવા અન્ય કોઈપણ વ્યક્તિ આપણા દ્વારા નોંધાયેલ ટ્રેડમાર્ક ના માલિક ની મંજૂરી લીધા વિના ઉપયોગ કરે તથા તેના જેવા ભળતા નામ બ્રાન્ડનેમ/ બ્રાન્ડલોગો નો ઉપયોગ કરે કે જેથી ગ્રાહકોને છેતરામણી ઊભી થાય તો ટ્રેડમાર્ક ધારક ટ્રેડમાર્ક એક્ટ 1999 ની કલમ 29 મુજબ વળતરનો દાવો કરી શકે છે.

8. વૈશ્વિક ટ્રેડમાર્ક ની નોંધણી. :-

- જો કોઇ વ્યક્તિ ભારત બહાર અન્ય દેશમાં પોતાના ટ્રેડમાર્ક નોંધણી કરાવવા ઇચ્છતો હોય તો સૌપ્રથમ તેમને ભારતમાં ટ્રેડમાર્ક ની નોંધણી કરાવેલી હોવી ફરજીયાત છે. ત્યારબાદ અન્ય દેશોમાં ટ્રેડમાર્ક નોંધણી કરાવી શકાય છે. ભારતમાં થયેલી નોંધણી પ્રોડક્ટને વિશ્વાસ અને આધાર પૂરો પાડે છે.

9. માનવ સંસાધન ને આકર્ષિત કરે છે. :-

- યુવા દિમાગમાં મોટી બ્રાન્ડ સાથે જોડાવાની ઇચ્છા હોય છે. અને તે ચુંબકની જેમ કાર્ય કરે છે. તે સંસ્થાની સકારાત્મક છબીને પ્રેરણા આપે છે. તથા લોકોને પોતાની બ્રાન્ડ પ્રત્યે આકર્ષિત કરે છે.

કોરોના ક્યારે જશે ?

ડેનિસ કે. ઝાલાવડીયા (જામજોધપુર)

હાલ આપણો દેશ એક ભયંકર પરિસ્થિતિમાંથી પસાર થઇ રહ્યો છે. ત્યારે બધાના મુખે એક વાક્ય તો સંભળાય જ કે આ કોરોના ક્યારે જશે? કારણ કે, મૃત્યુના સમાચાર સાંભળીને અને જોઇને એવું લાગે છે કે બચશું કે નહીં?

તો મિત્રો ડરવાની જરૂર નથી આથી પણ ભયંકર બિમારી આવીને જતી રહી તો આ પણ જશે. ઉદાહરણ રૂપે ભારતમાં મુંબઈફ્લુ જેને સ્પેનિશફ્લુ કહેવાતો રોગ બીજા વિશ્વયુદ્ધ વખતે ફેલાયો હતો. ત્યારે ભારતની વસ્તી લગભગ 25 કરોડની હતી અને બે કરોડ આસપાસ લોકો મૃત્યુ પામ્યા હતા. તેના પ્રમાણમાં આ ઘણું ઓછું છે. કહેવાય છે કે સબને બાળવા લાકડા ન હતા. તો ગંગા નદીમાં લાશોને તરતી મૂકી હતી અને ગંગા લાશોથી લથબથ હતી.

તો ફરી હતા ત્યાં આવીએ કે કોરોના ક્યારે જશે? તો કોઇપણ રોગ ત્રણ સ્થિતિમાંથી પસાર થતો હોય Pandemic, Endemic અને Herd immunity. Pendemic મતલબ ભયંકર સ્થિતિ endemic મતલબ રોગને અંત તરફ લઈ જતી સ્થિતિ જ્યારે herd immunity મતલબ તમારા શરીરમાં તેના એન્ટીબોડી તૈયાર થઇ ગયા છે અને હવે તે જંતુ તમારા શરીરને નુકસાન પહોંચાડી શકે તેમ નથી.

હાલ આપણે pandemic પરિસ્થિતિમાં છીએ. તો આ રોગના અંત માટે કાં તો બધાને કોરોના થઇ જાય કાં તો બધાને તેની રસી અપાઇ જાય. સીધી ભાષામાં કા ઇન્ફેક્શન કા ઇન્જેકસન તો જ આ રોગ નો અંત આવશે. જેમ કે, પોલિયોનો રોગ રસીકરણથી જ નાશ પામ્યો. તે રીતે આ રોગને પણ દૂર કરી શકાશે. ભારતની ICMR નામની એક સરકારી સંસ્થાના સર્વે મુજબ ગયા વર્ષના આંકડા જોઇએ તો ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં 21 કરોડ લોકોને કોરોના થઇ ચૂક્યો હતો.

તો જે લોકોને કોરોના થયો નથી અને જે લોકોને વેક્સીન અપાઇ નથી તેના સંદર્ભમાં ભારત દેશનો વિચાર કરીએ તો ભારતમાં,

0 થી 18 વર્ષના લોકો 45 કરોડ છે.
18 થી 45 વર્ષના લોકો 59 કરોડ છે.
45 થી 60 વર્ષના લોકો 21 કરોડ છે.
60 થી વધુ ઉંમરના લોકો 13 કરોડ છે.

હાલ 18 વર્ષથી નાના બાળકોને રસી આપવાની નથી પણ તેની રસી શોધવાનું કામ ચાલુ જ છે. રશિયા અને બ્રિટન લગભગ શોધ પૂરી કરવાની તૈયારીમાં જ છે.

તો બાકી રહ્યા 93 કરોડ લોકો બધાને રસીના બે ડોઝ મતલબ 186 કરોડ ડોઝ. તેમાં પણ 6% ડોઝ બગડે મતલબ કુલ 200 કરોડ ડોઝની જરૂરિયાત હાલ સુધીમાં ભારતે 12.75 કરોડ લોકોને પહેલો ડોઝ અને 2.75 કરોડ લોકોને બીજો ડોઝ આપ્યો છે. એક અંદાજ પ્રમાણે લગભગ 16 કરોડ ડોઝ અપાઇ ચૂક્યા છે. તો બાકી રહ્યા 184 કરોડ ડોઝ તે પૂરા પાડવા માટે ભારતમાં બે વેક્સિન છે કોવેક્સિન અને કોવિડશીલ્ડ. જેમાં સૌથી વધુ serum institute નામની સંસ્થા દર મહિને સાત કરોડ રસી બનાવે છે જે તે વધારીને આઠ કરોડ સુધી લઇ જશે. આ ગણતરીએ હિસાબ કરીએ તો આપણને જરૂરી ડોઝ એક વર્ષમાં લગભગ માંડ મળશે અને ઘટતા ડોઝ બીજા દેશમાંથી મંગાવવા પડે. એટલે કે ફાઇઝર કે સ્પુટનિક રસી આવે તો કદાચ એક વર્ષમાં સંપુર્ણ રસીકરણ થઇ શકે.

એક અંદાજ પ્રમાણે ઓક્ટોબર સુધીમાં લગભગ 63 ટકા વસ્તીને એક ડોઝ અપાઇ ગયો હશે. ત્યાં સુધીમાં જો સાવચેતી રાખીશું તો કોરોના પહેલાની જેમ કંટ્રોલમાં હશે ફરી આપણે માસ્ક પહેરીને ખુલ્લેઆમ કોઇ ડર વિના હરી ફરી શકીશું.

2022 ના મધ્ય સુધીમાં એટલે કે એકાદ વર્ષ પછી જો બધાને રસી અપાઇ ગઇ હશે તો કદાચ પહેલાની જેમ આપણે માસ્ક વગર ફરી શકીએ. પણ જો કોરોનાનો નવો પ્રકાર આવ્યો તો ફરી હતા ત્યાં ને ત્યાં. કારણકે બ્રાઝિલમાં કોરોનાની પહેલી લહેરમાં 65 ટકા લોકોને કોરોના થયો ત્યારે દુનિયાના લગભગ દેશના વૈજ્ઞાનિકોએ એવું માન્યું કે ત્યાં herd immunity થઇ ગઇ છે. જો કોરોનાની બીજી લહેર આવશે તો બ્રાઝિલને કંઇ નુકસાન થશે નહિં. પરંતુ કોરોનાનો બીજો પ્રકાર આવ્યો અને બ્રાઝિલ બીજી લહેરે પણ બ્રાઝીલને ઝંઝોળી નાખ્યું. કહેવાય છે કે બ્રાઝિલમાં કબ્રસ્તાન ઘટી પડયા. તેથી કોરોનાના બીજા પ્રકારને બ્રાઝિલિયન સ્ટ્રેઇન કે મનાઉસ સ્ટ્રેઇન કહે છે.

એક પોઝીટીવ વિચાર સાથે અંતે ઇશ્વરને એટલી પ્રાર્થના કરીએ કે ઓગસ્ટ સુધીમાં બધું સ્થિર થઇ જાય. 2022 સુધીમાં બધાને રસી અપાઇ જાય અને આપને ફરી માસ્ક મુક્ત જીવન જીવવા લાગીએ.

મકાઈની સજીવખેતીમાં ગાભમારાની ઈયળનું વ્યવસ્થાપન

પ્રયાગ ગોળકિયા, તુષાર ભટ્ટ, પ્રતિક પેથાણી, પૂજા તળાવીયા
(એગ્રોસ્ટાર, ગાંધીનગર)

રસાયણિક ખાતરો અને દવાના અનિયંત્રિત વપરાશથી પર્યાવરણ દુષિત થયું છે જેના કારણે જમીનની ઉત્પાદકતા અને ફળદ્રુપતા પર અસર થયેલ છે. છેલ્લા બે દાયકાથી પર્યાવરણની જાળવણી અને ખોરાકની ગુણવતાની ખાતરી માટે વૈશ્વિક સમુદાય સંવેદનશીલ બન્યો છે. સજીવખેતીના સલામત વિકાસ અને ગુણવતાયુક્ત ખાધ પદાર્થો મેળવવા માટે સજીવખેતી પદ્ધતિ અપનાવી જરૂરી છે. સજીવખેતીથી જમીનની ફળદ્રુપતામાં સુધારો થવાથી પાકની ઉત્પાદકતામાં વધારો થાય છે.

આપણાં પૂર્વજો દ્વારા પહેલા સજીવખેતી કરવામાં આવતી હતી. ધીમે ધીમે રસાયણિક ખાતરો અને દવાના અનિયંત્રિત વપરાશથી સજીવખેતીમાં ઘટાડો થતો ગયો અને લુપ્ત થવાના આરે આવીને ઊભી છે પરંતુ ખેડૂતોની ઉદારભાવના, દીર્ઘ-દ્રષ્ટિ અને સતત પરિશ્રમથી ધરતીમાતા અને માનવ વચ્ચેના કુદરતી સંબંધો પુન:પ્રસ્થાપિત કરીને સજીવખેતીમાં નવેસરથી પ્રાણ પુરવાના પ્રયત્નો થઈ રહ્યા છે. હાલના સંજોગોમાં સજીવખેતીમાં પાક-સંરક્ષણ કઈ રીતે કરવું એ ખેડૂત માટે પડકારરૂપ છે. મકાઇ વિશ્વભરમાં ધાન્યપાકોમાં ત્રીજા નંબરનો ડાંગર અને ઘઉં પછી સૌથી વધુ ઉત્પાદન અને વપરાશ થતો પાક છે. મકાઇના પાકમાં નુકસાન કરતી વિવિધ પ્રકારની જીવાતો પૈકી ગાભમારાની ઈયળ વધુ નુકસાન કરતી જોવા મળી છે. તે જીવાત મકાઇના ઊભા પાકમાં ૨૦ ટકાથી પણ વધુ નુકસાન કરે છે.

=

❖ ઓળખ અને તેનું નુકસાન :

મકાઇના પાકમાં બે જાતની ગાભમારાની ઈયળ જોવા મળે છે. પ્રથમ જાતની (કાયલો) ઈયળ ઝાંખા સફેદ રંગની અને શરીર પર કાળાટપકાવળી હોય છે. આ ઈયળો રતાશ પડતી સુંવાળી, કાળા માથાવાળી અને શરીર પર કાળા ટપકાવાળી હોય છે. આ ઈયળો સાંઠાના પાનની ભૂંગળીને કોચીને દાખલ થતી હોવાથી આ પાન ખૂલતાં તેના પર સમાંતર કાણાં દેખાય છે. ત્યારબાદ તે સાંઠાને કોરી ખાય છે. તેને ડેડ હાર્ટ કહેવામા આવે છે. આ ઈયળો મકાઇનાં ડોડાને પણ નુકસાન કરે છે.

❖ સંકલિત વ્યવસ્થાપન :

- મકાઇની જાતો જેવી કે નર્મદા મોતી, કાવેરી K-218, કાવેરી 83 22, GAYMH-1 અને GAWMH-2, વાવવાથી ઉપદ્રવ ઓછો જોવા મળે છે.
- મકાઇની વાવણી 15 થી 30 જૂન સુધીમાં કરવાથી આ જીવાતનો ઉપદ્રવ ઓછો રહે છે.
- મકાઇની સાથે પિંજર (આકર્ષક) પાક તરીકે નેપિયર ઘાસ, જ્યારે વિશિષ્ટ ગંધ પેદા કરતો નિકષર્ક પાક તરીકે ડેસ્મોડીયમ (સાલપર્ણી) લેવાથી જીવાતના પુખ્ત ફૂંદાને પાકથી દૂર ધકેલે છે અને પિંજર પાક તરીકે નેપિયર ઘાસ આ ફૂંદાને ઈંડા મૂકવા માટે આકર્ષે છે. આ ઈંડા નેપિયર ઘાસના ભેજવાળા જીવરસના કારણે નાશ થાય છે. વધુમાં પિંજર પાકથી જીવાતના કુદરતી દુશ્મનોને પણ ઉતેજના મળે છે, આ વ્યુહ રચના પશુ-પુલ વ્યુહરચના નામે ઓળખાય છે.
- મકાઇ સાથે તુવેર અથવા મગ 2:1 નાં પ્રમાણમાં આંતર પાક અથવા ફેરબદલી કરવાથી જીવનચક્રમાં વિક્ષેપ ઉપરાંત જમીનમાં પોષક તત્વો પણ ઉમેરાશે. આ જીવાતના કુદ્રા પ્રકાશ તરફ આકર્ષતા હોવાથી તેના નિયંત્રણ માટે એક હેક્ટર દીઠ એક પ્રકાશ પિંજર મૂકવું.
- પાકના ઉગાવા બાદ 7 દિવસે ટ્રાઇકોગ્રામા ચીલોનીસ નામના પરજીવી એક લાખ પ્રતિ હેકટરે છોડવાથી મકાઈનાં છોડ પર મુકાયેલ આ જીવાતના ઈંડાનું પરજીવીકરણ કરી નુકસાનના પ્રમાણમાં નોધપાત્ર ઘટાડો કરી શકાય છે.
- લીંબોળીનું તેલ (0.3%) 30 મિલી/10 લિટર પાણીમાં મેળવીને છંટકાવ કરવાથી તેનું અસરકારક નિયંત્રણ થાય છે.
- ગૌમુત્રને 2 અઠવાડીયા રહેવા દઈને એક ભાગ ગૌમુત્ર અને બે ભાગ પાણી સાથે થોડી માટી ભેળવીને છંટકાવ કરવાથી ઉપદ્રવ ઘટે છે.
- બેસિલસ થૂરીંજીસીસ (બીટી) નામના જીવાણુનો પાઉડર 20 ગ્રામ અથવા બ્યુવેરિયા બેસિયાના નામની ફૂગનો પાઉડર 40 ગ્રામ/10 લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.

Featured author of JUNE issue

આદરણીય લેખક મિત્રો,સ્પંદનમાં પ્રકાશિત આપની રચનાઓ જ્યારે આપ સોશિયલ મીડિયામાં શેર કરો ત્યારે સૌથી વધુ લાઈક/શેર મેળવેલ Top-3 રચનાને પોઈન્ટના આધારે સ્પંદનના દરેક અંકમાં **Featured author of last issue** અંતર્ગત સર્જકના નામ અને ફોટા સાથે સ્થાન આપવામાં આવશે જેની નોંધ લેશો.

૧. આ માટે આપની પ્રકાશિત રચના સોશિયલ મીડિયા પર પોસ્ટ કરો ત્યારે સ્પંદન પેજને અવશ્ય ટેગ કરીયે.

૨. પોસ્ટના સ્ક્રીનશોર્ટ (લાઈક અને શેર આવે એ રીતે) અને આપનો એક ફોટો આગામી માસની ૧૦ તારીખે રાત્રે ૧૦ વાગ્યા પહેલા નીચે આપેલા મેઈલ આઈડી પર મેઈલ કરવાનો રહેશે. ૧૦ તારીખે દર વાગ્યા બાદ આવેલા મેઈલ ગણતરીમાં લેવામાં આવશે નહીં. **spandanfeatured@gmail.com**

3. સ્ક્રીનશોટમાં લાઈક અને શેર હશે તેના આધારે મૂલ્યાંકન કરવામાં આવશે

.૪. મેઈલનો વિષય : **Subject : Featured Author of may issue -Your Name** લખશો

.૫.મોકલેલ સ્ક્રીનશોટ સાથે પોસ્ટની લિંક પણ મોકલવી જેથી વેરીફાઈ કરી શકાય.

૬. સ્ક્રીનશોટ સાથે લિંક મોકલવામાં નહિ આવે તો આપની પોસ્ટ ધ્યાને લેવામાં આવશે નહીં.

૭.પોઈન્ટ નીચે મુજબ ગણવામાં આવશે.

A. ફેસબુક લાઈક - ૧ પોઈન્ટ

B. ફેસબુક શેર - ૨ પોઈન્ટ

C. ઈન્સ્ટાગ્રામ લાઈક - ૧ પોઈન્ટ

૮. આખરી નિર્ણય સ્પંદન સંપાદક ટીમનો રહેશે.

https://www.facebook.com/magazinespandan1/

વાંચકો દ્વારા... વાંચકો માટે... વાંચકોની વચ્ચે...

માસિક સામયિક

સ્પંદન

સર્જકોની શબ્દસૃષ્ટિનું...

Free... Free... Free...

''સ્પંદન'' માસિક સામાયિકને ફ્રી માં **Subscribe** કરી

આપના મોબાઇલમાં **PDF** મેળવવા માટે નીચેના નંબર પર

આપનું નામ અને **શહેરનું નામ** વોટ્સએપ કરો

9033032421

:: Click here for more information ::

magazinespandan1@gmail.com | /Spandan Magazine

આપ પહોંચ્યા છો, આ શબ્દસૃષ્ટિની યાત્રાના અંતિમ ચરણમાં....
આપને આ "સ્પંદન" સામયિકના સર્જકોની શબ્દસૃષ્ટિની યાત્રા કેવી લાગી?
આપના અભિપ્રાય અને સૂચનો નીચે આપેલ લિંક દ્વારા અમને અવશ્ય મોકલો.
આપના અભિપ્રાય આપવા અહીં ક્લિક કરો.

Click here

આગળના અંક ડાઉનલોડ કરવા માટે નીચે આપેલ અંક પર ક્લિક કરો.



OCT 2020

NOV 2020

DEC 2020

JAN 2021

FEB 2021



MAR 2021

APR 2021

MAY 2021

JUNE 2021

શબ્દસૃષ્ટિની આ યાત્રામાં અમારી સાથે નીચેના માધ્યમો દ્વારા જોડાવા માટે અહીં ક્લિક કરો.

Spandan Magazine